સારર

બાળવિધવા

ના

કિંમત ચ

બાળવિધવા દુઃખદર્શક નાટક.

આર્યઅબલા હિતાર્થે.

રચનાર.
આર્યસમાજ પૂણા.

છપાવી પ્રસિદ્ધ કરનાર.
શાહ તિલકચંદ તારાચંદ મંત્રી
આર્યસમાજ.
ઠા૦ ગામ પૂણા સુરત પાસે.

સુરત મધ્યે
કિલ્લાની સામે અબદુલ્લા બેગની હવેલીમાં
"વિક્ટોરીયા" છાપખાનામાં મંછારામ
ઘેલાભાઇએ છાપ્યો.

સંવત ૧૯૪૧. સને ૧૮૮૫.

છપ્પો.

હિમ્મત હોય હજાર,
શિષ નહિં છત્ર બળો તે,
પ્રીતિ અપરમ્પાર,
પણ નહિં પત્ર બળો તે;
મળે લોક અથાગ,
નહિં એકત્ર બળો તે,
ઇસ્વરનાં ગુણ ગાન,
મન નહિં તત્ર બળો તે;
ભાષક ભાષણ કરી મરે,
ધરે નહીં જો ધ્યાનમાં;
ધીક જીવ્યું તેનું અરે!
આર્યજનો કહે સાનમાં.

પ્રસ્તાવના.

હે ગ્રહસ્થો! આ બાળ વિધવા વિવાહ "નાટકરૂપે" બનાવવાનું એવું કારણ છે કે આપણા દેશમાં અનાથ અબળા ઉપર પડતાં દુઃખોનું જ્ઞાન સજ્જન પુરૂષોનાં હૃદયમાં અપરોક્ષ થાય. એમાં લખેલાં પાત્રો કપોલ કલ્પિત છે, એમાં લખેલાં પ્રમાણો ધર્મશાસ્ત્ર પ્રમાણે છે, અને એમાં લખેલું વિધવાનું દુઃખ સર્વને વિદિત છે; માટે હે! આર્ય બંધુઓ વિચાર કરો; વિચાર કરો. અરે! આપણા આર્યાવર્ત્તની પૂર્વ સ્થિતિ શી હતી? ને વર્ત્તમાન સ્થિતિ કેવી શોકજનક છે. એ શોકજનિત સ્થિતિ થવાનાં મુખ્ય બે કારણ છે.

૧ બાલ્યાવસ્થામાં લગ્ન કરી એક અજાણ છોકરાંને મોટી બેડી પહેરાવી તેને વૃથા કર્મરૂપ બંધીખાનામાં નાખવો.

૨ બાલલગ્નથી પરણેલાં જોડાંને સીતલાઆદિ ઘણા રોગોની ઝડપ લાગવાથી કાલવશ થવું, અને પુરૂષ કાલવશ થવાથી સ્ત્રીએ જન્મપર્યંત વિધવાવસ્થામાં જન્મ ગુજારવો.

વિચાર કરો કે બાળપણાનાં લગ્નથી કાચો ગર્ભ બંધાય તેથી ઉત્પન્ન થતી પ્રજા મૂર્ખ બલહીન અને રોગી થાય જેથી અલ્પ આયુષ્ય ભોગવી આ દુનિયાં છોડી કાલના પંઝામાં સપડાય. અને વિધવા વિવાહના નિષેધથી વ્યભિચાર વધે, બાલ

હત્યા અને સ્રી હત્યાઓ થાય, સગા વા'લાનાં નાક કપાય, દિનપરદિન ઊંચ વર્ણની સંખ્યામાં ઘટાડો થાય અને તે પાપને લીધે ઈશ્વરનો કોપ થાય જેથી આર્યાવર્ત્તની પડતી દેખાય છે. વિચાર કરો, કે જાણે મુનસફનું કામ પરીક્ષામાં પાસ થાય તોજ મળે છે, વીશ વર્ષની વય શિવાય માણસ સગીરજ કહેવાય છે તો સિદ્ધ થયું કે અધિકારીને કામ ચલાવવા લાયક થયા વિના તેને તે કામ શોંપવામાં આવતું નથી.

તો મો'ટામાં મો'ટું કામ જે સંસાર ચલાવવો તેના ગુણ કર્મ જાણ્યા વિના તેને શોંપવામાં આવે તો તેમાં અંતે વિનાશ શિવાય બીજું કંઈજ જોવામાં આવતું નથી. માટે,

ન્યાય કરો ન્યાયી જનો, કયાંય દીશે અન્યાય;
ન્યાય વિના નિશદિનબળે, કોમળ વય કન્યાય.

આ નાટક રચાયા પછી તેમાં જોડણીના નિયમ પ્રમાણે સંશોધન કરી તેનાં પ્રૂફ વગેરે પંડિત કૃષ્ણારામ ઇચ્છારામે તપાસી મને કૃતકૃત્ય કર્યો જેથી ઉક્ત મહાશયનો અત્યંત આભાર માનું છું.

મા'રી અલ્પ મતિ અને જડ બુદ્ધીથી લેખ અથવા દૃષ્ટીદોષ થયો હોય તો પાઠક વર્ગે સુધારી વાંચવું અને મને કૃપા કરી માફ કરવું. તથાસ્તુ.

બાળવિધવા દુઃખદર્શક નાટક.

પાત્ર.

સૂત્રધાર... ... ...નાટક કરનાર.
આનંદબાળા ... ...તેની સ્ત્રી.
વિદૂષક ... ...તેનો મિત્ર.
લક્ષ્મીચંદ ... ...એક શેઠ.
બાળ બુદ્ધિ ... ...તેની સ્ત્રી.
સિપાઇ... ... ...શેઠનો નોકર.
મિથ્યાચાર્ય ... ...કુલગોર, (જોશી.)
ધનવંતશાહ ... ...લક્ષ્મીચંદનો વહેવાઇ.
પ્રેમ બાઇ... ... ...તેની સ્ત્રી.
કુંવર... ... ...તેનો છોકરો.

કુપંથીરામ... ...
મિથ્યા ચાર્ય......
વિવેકદાસ... ...
સંતોકરામ... ...
પંડિત જ્ઞાનસાગર...
} વગેરે.. { લક્ષ્મીચંદના દોસ્તો.

કમળા ગૌરી ... ...લક્ષ્મીચંદની પુત્રી.

બાળવિધવા દુઃખદર્શક નાટક.

ઇસ્વર પ્રાર્થના.

ચોપાઇ ઓખાહરણની.

અહો ઇશ્વર કરૂણા કરજે, મ્હારી વાત હૃદેમાં ધરજે;
બાળ બુદ્ધિ છું બાળ તમારો, મને દુર્ગતી પડતાં વારો. ૧.
તમે સત ચિચદાનંદ મહેશ, નથી જ્ઞાન મને લવલેશ;
કરૂં છું કરૂણાનિધિ મહા આશ, ધરૂં છું દિલમાં ખરોવિસવાસ. ૨.

લલિત છંદ.

પ્રભુ કૃપાનિધે, ભક્ત વત્સલ; પરમ પુજ્ય છો, આપ નિર્મલ;
ધરૂં છું ધ્યાનરે, કાપકષ્મલ; સુભમતી મને, આપ પુષ્કલ. ૧.
દુખ ઘાણાં દિશે, આર્ય દેશમાં; ધનધિહીણ છે, તરૂણ વેશમાં;
સહુ સ્રિયો દિશે, શોક પૂર્ણમાં; ધરકૃપાનિધે, સર્વ લક્ષમાં. ૨.

ચાલ દુમીલાની.

સહુ ચંચલ ચિત્ત વિચિત્ર બન્યાં, ચગડોળ ચડે જેમ ચાહિ સહુ,

સહુનાં મન રંજન જેમ બને, પ્રભુ પાસ અહોનિશ ચાહિશ હું;
સહુ બાલિ દુખી મમ દેશ ઘણી, વિધવા તણિ વાત પ્રચારિશ હું;
સહુ વિઘ્ન વિપત્તિ વિનાશ કરો, પ્રભુ કલેશથિ આર્ય બચાવિ સહુ.

પ્રવેશ ૧ લો.

સ્થલ

ભવાટવીનો સુંદર બગીચો.

સૂત્રધાર, વિદૂષક અને પછીથી આનંદબાળા.

સૂત્રધાર—અહો સુજનો ! અતિ આનંદથી હું પ્રકાશ કરૂં છું કે, આર્ય દેશની વિધવા સ્ત્રીઓનાં ઉપર પડતાં દુઃખનો અનુભવ આપણા દેશી જનોનાં અંતઃકરણમાં પૂરેપૂરો થયો છે; એ પ્રસંગે તે વાતને ટેકો તથા ઉન્નતિ આપવા આજ આપ જેવા વિચારવાન પુરૂષોની સેવામાં બાળવિધવા દુઃખદર્શક નાટક ભજવી બતાવવાનો મ્હારો સિદ્ધ સંકલ્પ છે.

વિદૂષક—અલ્યા સૂત્રધાર, તને શરમ નથી લાગતી; કે બ્રાહ્મણ, વાણીઆ, અને ક્ષત્રીની ઊંચી વર્ણમાં પુનર્લગ્નનો પ્રસાર કરાવવા તે લોકોની સમક્ષજ તું આ નાટક ભજવવા તૈ-

પાર થયો છે ! શું તે લોકોનાં મુખ આગળ એ'વી વાત કરતાં તને શરમ નહીં આવે ? અને તે લોકોનો શું તા'રા ઉપર કોપ નહીં થાય ?

સૂત્રધાર—કોપ થાય કે ન થાય, તોપણ દેશીઓનાં દુઃખનું અને તેમાં વળી અબળા જાતિની ઉપર પડતાં અગાધ જુલમનું સત્ય સત્ય વીવેચન કરવું. એ જ્ઞાતા અને વીરપુરૂષોનો ધર્મ છે.

વિદૂષક—ઠીક, એ પ્રમાણે તું આ ભોળા લોકોને ધર્મ ભૃષ્ટ અને જ્ઞાતિ ભૃષ્ટ કરાવાની ઇચ્છા રાખે છે, કેમ ?

સૂત્રધાર—ધર્મ ભૃષ્ટ કે જ્ઞાતિ ભૃષ્ટ કરવાનો મા'રો હેતુ નથી, મા'રી મરજી એ'વી છે કે, કોમલ અબલાનાં દુઃખનો અંત આવે; અને સર્વશકિતમાન્ ઇશ્વર એ'વી પ્રેરણા સર્વના હૃદયમાં કરે, કે જેથી દેશની સ્થિતિ સુધરી વંશની વૃદ્ધિ થઇ પ્રજા બળવાન્ થાય.

વિદૂષક—જયારે તા'રા કહ્યાથીજ લોકોનાં મનપર અસર થશે તો હું મા'રા અનાર્ય નગરવાસી ગાગર ભટ્ટને પૂર્ણ ઉસકેરીશ, કે તે પોથીનું પાનું લઇ ગામો ગામ ફરી એ'વો ઉપદેશ કરશે કે તા'રી ધારણા ધૂળમાં મળી જવાની.

સૂત્રધાર—મૂર્ખ ! જા, તા'રાથી જે થાય તે કર. પાણ

"સત્યમેવ જય તે" એ વાત મને ખૂબ યાદ છે. તા'રા જેવા શ્વાન ભસશે તેથી શું થવાનું છે. ? જો, એક હાથ્થીને કૂતરા સાથે થયલો સંવાદ.

ચાલ ઇંદ્રવિજય છંદની.

બહુ જોર કરીકરિ શ્વાન કહે રહે ગામ મહીં નબળાજ સહુ,
સહુને ભસવા મન હાંમ ધરૂં કો મને ન ભસે શિદ વાત કહું;
કહું શું મુજ સાથીઓ શૂર ઘણા નહિ મર્દ સહુ ગજ જૂથ લહું,
(ગજ) સહુ એ તુજ જાતિ સ્વભાવ દિશે શું થશે કદિ જોતું ભશોજ બહુ.

દોહરો.

શુભ અશુભ દેખિ ને ભસે, એવો શ્વાન સ્વભાવ;
સર્જ્જન મન સમઝી રહે, ધરી ધર્મપ ભાવ.

વિદૂષક—શું, ત્યારે હું કૂતરો, હું કૂતરો, લે ત્યારે ફો ડ ત્હારૂં માથું ને કહાડ માંહીંથી રાતું. આ હું તો ચાલ્યો.

સૂત્રધાર—કર કાળું. દીશતો રહે. (જાય છે)

(આનંદબાળા પ્રવેશ કરે છે.)

આનંદબાળા (સૂત્રધારને)—પ્રિયપતિ, દાસીને શી આજ્ઞા.?

સૂત્રધાર—પ્રાણપ્રિયા, આ સકલજન સમૂહ આગળ આપણી કોમળ વીધવાનાં અગાધ દુઃખનું વર્ણન કરવું છે.

આનંદબાળા—પ્રિય વલ્લભ, આપનો અભિપ્રાય ઘણોજ ઉત્તમ છે. આપ જે'વા વિદ્વાન્ અને સુજ્ઞ મનુષ્યોનો એ'વોજ ધર્મ છે. કહ્યું છે કે,

---

ઇંદ્રવિજય છંદ.

મનમાંહિ જરા ડર રાખે નહીં સુખ થાય કદી વિધવા તનમાં,
તનમાં તરૂણી તણું દુઃખ ધરે ધરિ ચિત્ત કદી નહિ જે ધનમાં;
ધન માત અને તસ તાતવળી વિખ્યાત થશે સહુ સજ્જનમાં,
જનમારો ખરો સફલીત થશે વિધવા તણુ દુઃખ ધરે મનમાં.

સૂત્રધાર—હે પ્રિયા ! આ અગાધ દુઃખનું વર્ણન કરવા મા'રી છાતી ગભરાય છે, ! મન મુઝાય છે ! ચિત પાછું હટે છે ! બુદ્ધિ ક્ષીણ થાય છે ! અને અંતઃકરણ સ્તબ્ધ થાયછે !!

આનંદબાળા—સ્વામિનાથ, આપ જ્યારે અત્યારથીજ આ પ્રમાણે ગદગળિત થાઓ છો; તો આગળ નાટક કેમ ભજવાશે !?

વિદૂષક—ભજવ્યો ભજવ્યો. એ તો "લશ્કરકા ભેદ પાયા કે આગુસે ગધ્ધા આયા." મેં નોતું કહ્યુ કે તા'રૂં કંઈ વ-

ળવાનું નથી.

આનંદઆળા—મુર્ખ ! તું એ વિરહાનળ દુઃખને શું જાણે ! ત્હારે તો મહુડાંનાં બળદિયાની પેઠે ખાઇને ભમતા ફરવું.

સૂત્રધાર—તારા જેવા આપ સ્વાર્થી અને મતલબીને આ જગતમાં પરમેસ્વરે જન્મ આપ્યો એજ ભૂલ કરી.

વિદૂષક—ઓ મારા બાપ ! અત્યાર સૂધી તો એકલો હતો, ને હવે તો બે થયાં ત્યારે "એકનું ઓશડ બે." એ પ્રમાણે આપણા રામ તો નહીં રમાવી દે. ચાલ ભાઇ આપણે તો અહીંથી જઇએ. (જાય છે)

સૂત્રધાર—પ્યારી ! આ વખત આકાશ કે'વું મલીન દેખાય છે, જેમ નિરાશ દુઃખી અબળાનું હૃદય ! આ રાતાં કાળાં વાદળોએ સૂર્યને ઘેરી કે'વો અંધકાર કરી મૂક્યો છે, જેમ કઠિણ લોકરીતિ બાળવિધવાને ફરી લગ્ન કરતાં રોકે છે ! સાંઝની વખતે કાગડાઓની કાંવ કાંવ ચિત્તને કેવી રીતે દુઃખી કરે છે, જેમ દેશોપકાર અને સારા કામોમાં મૂર્ખ નિંદકોની અડચણ ! ગરમીના દિવશમાં રાંફમાંથી સાપ એવા ફુંફાટા મારી માર્ગે ચાલનારાઓને રોકે છે, જેમ શાસ્ત્રની આજ્ઞા છતાં મૂર્ખ લોકો વિધવાઓને કઠણ કેદખાનામાં રોકે છે. ! કોયલ-

નું બોલવું જેવા કાગડાઓની વચ્ચે કે'વું મીઠુ લાગે છે. જેમ દેશનું ભલું કરનાર મહાત્માનાં ઉપદેશ. હરે હરે ! ઝાડોનું હાલવું અને તેની ઉપરથી આવતો શીતળ મંદસુવાયુ મનને એવું પ્રફુલ્લિત કરે છે, જેમ મહાત્માઓનાં પરિશ્રમથી ખરાબ રીતિને ઉડીજવાની આશા. તે'મ મા'રી ઇચ્છા છે કે આ સુજ્ઞ બંધુઓની સા'માં જેઓ આ ભવાટવીનાં મનોરંજક બગીચામાં એકઠા થએલા છે, તેઓને "બાળવિધવા દુ:ખદર્શક"નો તમાસો કરી બતાવીએ. કેમ પ્રિયા તા'રી શી મરજી ?

આનંદબાળા—પ્રાણનાથ ! આપનો બહુ સુંદર વિચાર છે. મને મા'રી વિધવા બે'નોનાં પરમદુ:ખ અને સંતાપ જોઇને ઘણોજ ક્લેશ થાય છે. હાય ! કે'વી મહા કઠણ લોક રીતિ છે ! અને કે'વા નિર્દય લોક છે ! કે પોતે શાઠ વર્ષની અવસ્થા સુધી વિવાહ કરવાની ઇચ્છા રાખે, અને બિચારી નવ વર્ષની બાળવિધવાનાં ફરી લગ્ન કરતાં રોકે !! હાય ! કે'વો અનર્થ છે ! એ નિર્દયોને શું કહેવું જોઇએ ! જે પોતાના મનની લાગણી પ્રમાણે સ્ત્રીઓનાં મનની નથી સમજતા ! હે આર્ય પુત્ર એવી મહા કુરીતીનાં અવગુણ બતાવવા માટે યોગ્ય છે કે એ'વો અભિનય લોકોને બતાવાય.

સૂત્રધાર—બહુ સારૂં પ્રિયા. (ઊઠુ જાય છે) પડદો પડ્યો.

પ્રવેશ ૨ જો.

લક્ષ્મીચંદનું ઘર.

લક્ષ્મીચંદ, બાળ બુદ્ધી, પછીથી સિપાઇ અને જોશી.

લક્ષ્મીચંદ—પ્રિયા ! શા વિચારમાં પડી છે. ?

બાળ બુદ્ધિ—સ્વામિનાથ ! કંઈ નહીં.

લક્ષ્મીચંદ—આજ તું કંઇ ઊંડા વિચારમાં જણાય છે. જો માગ્યા વિના તો પોતાની માં પણ કશું ન આપે, માટે બોલ તો ખરી. તા'રા મનમાં શું વિચાર થાય છે. ?

બાળબુદ્ધી—પ્રિયપતિ, આપણી વૃદ્ધાવસ્થા થવા આવી, માટે મા'રા વિચારમાં એમ છે કે આપણી ,"કમળા" નાં કોઇ ઊંચા કુલમાં લગ્ન કરી આ સંસારમાં જન્મ લીધાનું સારથક કરી લઇએ.

લક્ષ્મીચંદ—પ્યારી, મા'રો પણ એજ વિચાર છે. કોણે દીઠી કાલ, કે'વત છે કે "કાલ કરતાં આજ કર, આજ કરે તે અબ; વગર મૂળનું ઘોકડું ઢળિને પડશે ધબ." પણ કોઈ મોટાં ઘરનો વર મળે ને મળતી નામ રાશી આવે તો આપણી પુત્રી દુ:ખી ન થાય.

બાળબુદ્ધિ—ઘણું સારૂં પ્રિય વલ્લભ, જેમ આપ

ની મરજી.

લક્ષ્મીચંદ—સિપાઇ, જાતો આપણા મિથ્યાચાર્ય ગોરને બોલાવ.

સીપાઈ—બોત અચ્છા સાબ.

(સિપાઇ જાય છે ને મિથ્યાચાર્યને બોલાવી લાવે છે.)

મિથ્યાચાર્ય (પ્રવેશ કરી)—આયુષ્માન્ રાજા ધિરાજ.

લક્ષ્મીચંદ—પધારો દેવ.

મિથ્યાચાર્ય—કેમ રાજા શી આજ્ઞા. ?

લક્ષ્મીચંદ—આ આપણી "કમળાગૌરી"ને હાલમાં નવમું વરસ જાય છે. માટે અમારો વિચાર એવો છે કે આપણી જ્ઞાતિમાં ધનવંતશાહનાં પુત્ર સાથે વિવાહ કરીએ. પણ તેની જન્મ પત્રિકા જોઇ ગ્રહ બલી છે કે નિર્બલ. અને પુત્રીની સાથે વસેક છે કે કેમ, તેની પુરી ખાત્રી કર્યા શિવાયે લગ્ન કરવું એમાં પાછળથી પસ્તાવું પડે છે.

મિથ્યાચાર્ય—આપનું કહેવું ખરૂં છે, જેમ સૂર્ય વિનાં અંધકારમાં પડેલી વસ્તુ નહીં દેખાય, તેમ જન્મપત્રિકાનાં ગ્રહ જોયા શિવાય ભાગ્યનો શુભા શુભ યોગ નહીં જણાય, માટે જન્મોતરી મંગાવો.

લક્ષ્મીચંદ—આપને જોતિષ શાસ્ત્રનું બરાબર જ્ઞાન

છે વારૂ ?

મિથ્યાચાર્ય—જ્ઞાન વિના તે કોઈથી જોવાય, નહીં તો જ્યોતિષીને પણ યમ દૂત કહેલા છે. જેમ

आयुर्वेदविनावैद्यो ज्योतिषीग्रहणंविना ॥

धर्मशास्त्रविनामंत्री त्रयस्तेयमदूतकाः ॥

અર્થ—આયુર્વેદથી અજાણ વૈદ્ય, ગ્રહણથી અજાણ જોશી, ન્યાયથી અજાણ પ્રધાન એ ત્રણેને જમના દૂત સમજવા. મને પૂરેપૂરૂં જ્યોતિષ સાસ્ત્રનું જ્ઞાન છે માટે શીઘ્ર જન્મપત્રિકા મગાવો.

લક્ષ્મીચંદ (સિપાઇ)—સિપાઈ, ધનવંતશાહને ત્યાં જઈને કહે કે આપના પુત્રની જન્મ પત્રિકા હમારા શેઠે મંગાવી છે તે મેહેરબાની કરીને આપો. જા, જઈને જલદી પાછો આવ. (સીપાઈ જાય છે ને પત્રિકા લઇ આવે છે.)

સિપાઈ—સાહેબ આ જન્મપત્રિકા લો.

લક્ષ્મીચંદ (પત્રિકા લઇ આચાર્યને)—મિથ્યાચાર્યજી ખૂબ બારીકીથી તપાશો કે પાછળથી પસ્તાવું ન પડે.

મિથ્યાચાર્ય—વાહવાહ ! શી મઝાની ગ્રહદશા છે. અરે ! આ ગ્રહવાળા તો ચક્રવર્તી રાજા થાય. (સાંભળો) (મિ-

ચ્યાચાર્ય વાંચે છે ને પતિપત્નિ એક ચિત્તે સાંભળે છે.)

મિથ્યાચાર્ય—લગ્ને મંગલકેતુ, ચતુર્થસ્થાને રવિ બુધ, પંચમસ્થાને શુક્ર, સપ્તમસ્થાને બૃહસ્પતિ રાહુ, નવમસ્થાને ચંદ્રમા, અને દશમે શની છે. એવા ગ્રહ તો જે ચક્રવર્તિ રાજા હોય અથવા કોઇ મહાત્મા પુરૂષનેજ જન્મકાલે પડે છે. માટે કશો પણ વિચાર કર્‍યા શિવાય શીઘ્ર શ્રીફળ આપો. મળતી રાસ સારી છે ને છોકરો દીર્ઘાયુ ભોગવશે, એમાં સંશય નથી.

બાળબુદ્ધિ—પ્રાણનાથ, હવે શો વિચાર.?

લક્ષ્મીચંદ—પ્યારી મહારાજને દક્ષિણા આપો પછી આપણે વિવાહ પ્રકરણનો આરંભ કરીએ.

(બાળબુદ્ધિ યથાયોગ્ય દક્ષિણા આપી મહારાજને વિદાય કરે છે. પછી બડી ધામધુમથી લગ્ન કરી હજારો રૂપીઆ ખરચી મોટી મોટી નાતો જમાડી સહુ સગાવહાલાંને યથાયોગ્ય માનપાન આપી વિદાય કરે છે ને સહુ આનંદ મંગલ ગાતાં સહુસહુને ઠેકાણે જાય છે.)

(પડદો પડ્યો.)

પ્રવેશ ૩ જો.

સ્થલ

ધનવંતશાહનું ઘર.

ધનવંતશાહ, પ્રેમબાઇ, કુંવર અને પાછળથી સગાંવહાલાં.

ધનવંતશાહ—હે, પ્યારી ! આપણા કુંવરને કંઇ આજ ત્રણેક દીવશ થયાં ચેં'ન નથી. એને શું થયું છે વારૂ !

પ્રેમબાઈ—પ્રિયપતિ ! હાલ આપણા જીલ્લામાં સીતળાનો ફેલાવ ઘણા જોરમાં ચાલે છે; મને એમ લાગે છે કે આપણા કુંવરને પણ સઇએડકાકા તો દખાવ નહીં દે ! તમે જરા ધારીને જુવો ?

ધનવંતશાહ—હાહા ! આ શુ ? દાંણા નીકળતા દખાય છે ને ! ચાલો બલીયાકાકાની બાધા રાખો એટલે બાપજી સહુ કૃપા કરશે. (બેહુજણા હાથ જોડીને) હે ! સીતલાદેવી ! હે ! બલીઆકાકા ! આપ મારા પુત્રને જલદી આરામ કરો. અ'મે આપને પાંચ રૂપીઆનો પુરૂષ, શામીવૃક્ષના હાથપગ, નાલીએર, દીવો, રદીશાંકદીયાં વગરે ચઢાવીશું. લીમડાની શાડી પ'હેરી તા'રી પુંજા કરવા આવીશું; માટે હે શીતલા તું સારૂં કર ! સારૂં કર !

(ધાણીએ બાધાઓ રાખે છે પણ કશાથી ફેર પડતો નથી! દુઃખ વધતું જાય છે, આખરે તેમાંને તેમાંજ મૃત્યુ થાય છે.)

ધનવંતશાહ—હાયરે ! આતે શું ગજબ થયોરે મા'રા બાપલીઆ !!

પ્રેમબાઈ—અરેરે ! પ્રભુ ! તને તે આમ કેમ ગમ્યું ! મા'રા એકનાએક પુત્ર શિવાય હે દેવ ! આખા જગતમાં તને કોઈજ ન મળ્યું રે મા'રા માંબાપ !!!

સગાવા'લાં (પ્રવેશ કરીને) હાય હાય ! પરણ્યાને છ માસ પણ વીત્યા નથી એટલામાં આ કેવો કાળો કેર થયો રે હાય!!

ધનવંતશાહ—(રડતાં)

ભુજંગી છંદ.

અહો ઇશ આ શું થયો રે વિનાશ !
ગયો પ્રાણ પ્યારો કરીને નિરાશ;
ગયું વ્યર્થ મ્હારૂં બધું ધાર્યું કામ,
અરેરે ! અરેરે ! ધરૂં કેમ હામ. !!! ૧.
અરે શીતલા શીતતો વ્હારૂં ઉડયું,
સુ બાધા સહૂ આખડી કયાંય બુડયું;
અ'મે ધારતા રાખશો તૂંજ માંમ,

અરેરે ! અરેરે ! ઘરૂં કેમ હાંમ. !!! ૨.
મંને મંનમાં આશ લાંબી હતીરે !
પુરા માસ છસાત વીત્યા નથીરે !
કસ્યો કેર કાળો રહ્યો મૂજ ધામ,
અરેરે ! અરેરે ! ઘરૂં કેમ હાંમ !!! ૩.

પ્રેમબાઈ—ઓ મા'રા પોપટ કયાં ઉડી ગયોરે મારા બાપ !! અરે ! મેંતો ઘણીએ બાધા રાખી ! માનતાઓ માની પણ દેવને જરાએ દયા નહીં આવી રે ! હાય હાય !!!

(તેંની ઉત્તર ક્રીયા કરી આવી લક્ષ્મીચંદને ત્યાં પત્ર લખ્યો તે માણસ પત્ર લઇને લક્ષ્મીચંદને ત્યાં આવે છે ને ધનવંતશાહને ત્યાં રડવું કૂટવું શીરૂ રહે છે.)

(પડદો પડયો.)

પ્રવેશ ૪ થો.

લક્ષ્મીચંદનું ઘર.

(લક્ષ્મીચંદ, બાળબુદ્ધિ, કુપંથીરામ, મિથ્યાચાર્ય, વિવેકદાસ, સંતોકરામ અને પંડિત જ્ઞાનસાગર વગેરે.)

(શેઠ ગાદી ઉપર બેઠા છે તેવામાં માણસ પત્ર લઇ આવી

શેઠને આપે છે તે વાંચતાવારને શેઠ મુરછા ખાઈ પૃથ્વીપર પડે છે.)

લક્ષ્મીચંદ—હાયરે ! જીવતાં મૂવારે મારા બાપ ! હાયરે ! એના કરતાં હુંજ મરતેતો સારૂં થાતરે મારા બાપલીયા!!!

(તેની સ્નાન વિધિ કરી ઉઠમાણાને માટે શેઠ બારણે બેસે છે, એટલે તેની પાશે કુપંથીરામ, મિથ્યાચાર્ય, વિવેકદાસ, સંતોકરામ અને પંડિત જ્ઞાનસાગર વગેરે. શેઠની મંડલીના માણસો આવીને બેસે છે.) લક્ષ્મીચંદ (કુપંથીરામને રડતાં રડતાં)—પુરોહિતજી ! હેહેહે ! અ'મારો જન્મ ખરાબ થઇ ગયો ! પરમેશ્વરે અ'મારા ઉપર આ દારૂણ દુઃખ નાંખ્યું ! (ઘણાજ દુઃખમાં આંખમાંથી આંશું વહેતે ભારે શબ્દથી) અરે ! લગ્નને છ માસ પણ નથી વિત્યા ! હજારો રૂ૦ ખરચી લગ્ન કરયાં હતાં ! હજુ સૂધી લોકોના હિસાબ પણ નથી પત્યા !! (ઘણા જોરથી રડે છે, તેને જોઇ સર્વની આંખમાંથી આંશું પડે છે) હાય ! હું શું જાણું કે દૈવનો કોપ મા'રા ઉપર થશે ! છોકરી હજુ ઘણી આણુસમઝુ છે ! હાય ! એ'ની ઉમ્મર કેમ કરી કપાશે ! હાય ! અ'મે કેમ કરી એ'નું દુઃખ જોઇશું ! ભગવાન ઇજ્જત રાખશે તો રહેશેરે મા'રા માંબાપ !!! (પાછો ઘણા જોરથી રડે છે) હાય હાયરે ! સમય ઘણો કઠણ છે ! હું શું જાણું કે મા'રી એકને એક છોકરીનું નશીબ ફૂટી જશે !! હે

ભગવાન્ ! તેં આ'વું દુઃખ અમારી ઉપર નાંખ્યો સર્વ સુખ સમ્પતિનો નાશ કરયો !!! (રડે છે)

કુપંથીરામ—ભાઇ સંતોષ કરો, જે થવાનું હતું તે થઇ ગયું ! કર્મની ગતિ જાણવામાં નથી આવતી ! પરમેશ્વરની મરજી આગળ કોઇનું ચાલતું નથી ! તમે શું કરો. ! છોકરીનાં નશીબમાં એવુંજ લખ્યું હતું ! માંબાપ જન્મના સાથી છે, કર્મનાં નથી ! બ્રહ્માનાં અંક કોઇથી મિથ્યા થતા નથી. હાય હાય ! (છોકરીને રમતી જોઇને) આ'વી ગુલાબના ફુલ જેવી છોકરીને આ દુઃખ ! હે વિધાતા ! શું આ'વા ગૌ જે'વા ગરીબ શેઠ તા'રી આગળ આવા દુઃખથી નહીં બચ્યા ?! હાય હાય ! ભગવાનના ઘરમાં પણ ઇનસાફની ખોટ પડી ! આ'વા સજ્જન લોકોને એ'વું દુઃખ !!! (એમ કહીને રડે છે)

લક્ષ્મીચંદ (જરા શુદ્ધિમાં આવી મિથ્યાચાર્યને)—મહારાજ આપતો કહેતા હતા કે બહુ સારી જન્મપત્રી મળી ગઇ છે. છોકરાનાં જન્મકાળે બહુ સારા ગ્રહ પડયા છે. તમારી છોકરી બહુ શુખ ભોગવશે. છોકરો લાંબી ઉમ્મર ભોગવશે. ને પછી આમ કેમ થઈ ગયું ?!! (મિથ્યાચાર્ય નીચું જોઇ રહે છે એટલે શેઠ વિવેકદાસ બોલે છે.)

વિવેકદાશ—અરે શેઠજી ! ભગવાનનાં ઘરની વાત

કોઇ નથી જાણતું; આચાર્યની જન્મપત્રીકા એ'વીજ ખરી હોત તો કોઇને દુ:ખ શું કરવા પડત ?! બ્રાહ્મણોનો એ રોજગાર છે. આમ તેમ સાચું જૂઠું ન સમજાવે તો પછી લોકોમાં પૂજાય કેમ ? શિવાય પરમેશ્વર વિના ભવિષ્ય કોણ જાણે છે. રામ રામ ભજો શેઠજી ! એ'વી વાતોથી શું થાય છે ?!

સંતોકરામ—ભાઈ રડવાથી શું થશે ? સબુર કરો ! છોકરીનાં નશીબમાં એમજ લખેલું હશે ! કોઇ કર્મનો સાથી નથી થતો. જુવો છોકરીનીમાં રડતાં રડતાં બેહોશ થઇ જાય છે! તેને ઘરમાં જઇને સમઝાવો ! માણસની છાતી વ્રજની હોય છે. તેનાં ઉપર જે દુ:ખ પડે તે સર્વ સહન કરવું પડે છે. છોકરીની શું ફીકર કરો છો, કર્મ ગતી સર્વને ભોગવવી પડે છે. સહુની રડતાં પડતાં ઉમ્મર વહી જાય છે. અ'મણા અણસમઝુ બાળક છે. જરા એ'નું ચિત્ત જ્ઞાન તરફ લગાવી દેવું અને સંગ કુસંગનો વિચાર રાખવો; ભલા માણસનાં છોકરાંનો એમજ નિર્વાહ થાય છે.

લક્ષ્મીચંદ (રડતાં રડતાં).

લલિતછંદ.

અરરર સજ્જનો શું કહો તમે, ઝરરર ઝાળમાં રેપડ્યા અ'મે;

ગરર ગર્કછું શોક આથવે, અરર હાયરે ! શું થશે હવે. !–૧.
ખટ નથી ગયા માસ લગ્નને, મુરત શૂં હતૂં, હાય વિઘ્નને;
અસિમ દુ:ખ જા- માત્રને જવે, અરર હાયરે! શું થશે હવે!–૨.
વિભવ સૂખ સૌ, શાથી શોભશે, જિવ શરીરમાં, કેમ થોભશે;
સકલ તુચ્છરે વિઘ્ન આ થવે, અરર હાયરે ! શું થશે હવે. !–૩.
કહિં ગયા ડુબી, જોશ જોશિનાં, કહિં ગયા ડુબી વાકય ડોસિનાં;
ગ્રહુ બલી હતા લગ્ન સાંધવે, અરર હાયરે ! શુ થશે હવે. !–૪.
કયમ કરૂં હવે કયાંજ તો રહૂં ! મનની આગતે કોણને કહૂં !
સુખન દેખશું જન્મ માંનવે, અરર હાયરે ! શું થશે હવે. !–૫.

સંતોકરામ—

નિર વહી ગયું, પાળ તૂંટીને, શું કરશો અરે, ફૂટી ફૂટીને;
બહુ રડયા થકી નેત્ર ફુટશે, તન દુખી થશો બીજુ શૂં થશે –૬.
કરમ લેખ તે લેશ ના ટળે, વલવલે બહૂ, કાંઇ નાં વલે;
પ્રથમ જન્મના દુષ્કૃતો ફળે, દુખ પડયા થકી, મૂર્ખ જે બળે.–૭.

(ભોળી આગુસમઝુ છોકરીને જોઇ પોતાનાં મનમાં) આ બિચારીને એટલું પણ જ્ઞાન નથી, કે આજે માંરૂં સંસારમાં જે હતું તે નષ્ટ થઇ ગયું. હવે જીવતાં સૂધી અસહ્ય દુ:ખ, કલેશ અને અપમાંનજ ભોગવવું પડશે. એ’વી મહા નિંદનીય લોક રૂઢી ઉપર ક્રોધ કરીને (પ્રગટમાં) ભાઇયો ! કંઇ કહેવાથી

નથી બનતું ! મહા અન્ધેર છે, બ્રાહ્મણ, ક્ષત્રી અને વૈષ્ય વ-ર્ગની સ્ત્રી માત્રને માથે જે'વું અઘોર દુ:ખ છે, એ'વું સંસારમાં કહીં પણ નહીં હશે ! એ દુ:ખ જોઇ ઇશ્વિરની પ્રાર્થના કરવી પડે છે કે, હે ! પ્રભુ ! તું અમને ઉંચા કુલમાં જન્મ નહીં આપ ! એ'વો કોણ મનુષ્ય હશે ? અરે જેને જરા પણ બુદ્ધિ હશે, તે શું આવી ભોળી નિર્દોષ કન્યાને વિધવા કરી બેસાડવામાં રાજી થશે ? કદી નહીં. એ બીચારીએ શું ગુનો કરચો ? માત્ર અગ્નિની સમક્ષ ચારે તરફ મંગળ ફેરા ફરવાની ગુનેગાર છે. મરવું જીવવું એ પરમેશ્વરની શક્તિપર આધાર રાખે છે. હાય ! તે બાળક કાલવશ થઈ મરણ પામ્યો, ત્યારે હવે આ સુંદર નીર્દોષ કન્યા વિધવા થઇ ગઇ.!!—

જે'ને હજુ સુધી એટલું પણ ભાન નથી, કે ધણી ધણીઆણી કો'ને કેહે છે.? તેનો શો ધર્મ છે ? હે પ્રભો ? આ કે'વો મહોન્ અનર્થ છે ! હે જગદીશ ! એ કઠોર મનુષ્યની કે'વી વજ્રનાં જે'વી છાતી હશે ? જેણે નીર્દયતાથી પોતાની બે'ન બેટીઓને માટે આ'વી અઘોર દુ:ખદાયક રીતિ ચાલુ કરી ! કહો તો કદાપી આ અણસમજુ છોકરીના બીજી જ્ઞાતિ પ્રમાણે પુનર્લગ્ન કરાય તો શું બીગાડ થાય ? કુળનું શું નાક કપાઇ જાય ? એમાં શો દોષ થાય ? હાય હાય ! મહા અનર્થ થયો !!

(એમ કહીને રડે છે.)

પંડિત જ્ઞાનસાગર—અરે ભાઇઓ ! શાસ્ત્રમાં પણ વિધવાને વિવાહ કરવાનું સાફ કહ્યું છે. કેટલોક કાળ થયાં તે રીતિ બંધ થઇ ગઈ છે. હવે કોઇના મોં આગળ વિધવા પુનર્લગ્નની ચરચા કરીએ તો તે આપણને નાસ્તિકજ ઠરાવશે; પણ તે મૂર્ખ લોકો સમજતા નથી. પારાસર સ્મૃતિ (જે કલીયુગ ને માટે મુખ્ય ધર્મ શાસ્ત્ર છે) તેમાં સાફ રજા આપેલી છે કે વિધવાને પુનઃવિવાહ કરતાં અડચણ નથી. યથા

नष्टेमृते प्रव्राजिते क्लीवेच पतितेपतौ ।
पंचस्वाप त्सुनारीणां पतिरन्यो विधीयते ॥

અર્થ—પતિનો શોધ ન લાગતો હોય, તે મરી ગયો હોય, બાવો થયો હોય, નપુંસક હોય, અને ન્યાત બાહાર (વટલ્યો) હોય તો તે સ્રિયે બીજો પતિ કરવો. વળી નારદ સંહિતામાં કહેલું છે. જેમ-

अष्टौवर्षा ण्यपेक्षेत ब्राह्मणी प्रोषितं पतिम्।
अप्रसूतातुचत्वारि परतोऽन्यंसमाश्रयेत् ॥
क्षत्रिया पट्समांस्तिष्टे दप्रसूता समात्रयंम्।

वैश्याप्रसूताचत्वारि द्वेवर्षेत्वितरा वसेत्.॥
अप्रवृत्तौतुभूतानां दृष्टिरेषा प्रजापतेः।
अतोऽन्यगमनेस्त्रीणां मेषदोषान विद्यते ॥

અર્થ—દેશાવર ગએલા પતિની વાટ બ્રાહ્મણીએ આઠ, ક્ષત્રીણીએ છ, અને વણીક સ્ત્રીએ ચાર વર્ષ સુધી જોવી, અને જો પત્તો નહીં લાગે તો એથી અર્ધા વર્ષ વાટ જોઇ પુનર્લગ્ન કરવું એ'વો બ્રહ્મ દેવનો મત છે, કે તેમાં દોષ નથી. તો ભાઈશાહેબો! શાસ્ત્રની આજ્ઞાને નહીં માનશો તો ઇશ્વરનો કોપ તમારા ઊપર કેમ ન થાય? અરે થાયજ.

મિથ્યાચાર્ય—શાસ્ત્રીજી, આપે કહ્યું તે સર્વ સત્ય છે; પણ એ સર્વ વાતો સત્ય યુગને માટે હતી, જ્યારે મનુષ્યને સર્વ પ્રકારનું સામર્થ હતું. પન્ડિતજી, હાલમાં વેદને આધારે કોણ ચાલે છે? હાલ તો મુખ્ય પુરાણજ મનાય છે. અને તેમાં વિધવા વિવાહનો નિષેધ છે. જુવો, બૃહન્નાદીય તથા આદિત્ય પુરાણમાં કહ્યુ છે.

ऊढायाः पुनरुद्वाहं ज्येष्ठां शंगोवधं तथा
कलौ पंच नकुर्वीत भ्रातृ जाया कमंडलुम् ॥

અર્થ—વિવાહ થયલી સ્ત્રિનો પુનર્વિવાહ કરવો, ઊત્તમ ભાગ મોટા ભાઇને આપવો, ગોવધ કરવો, ભોજાઇને પેટે પુત્રોત્પતિ કરવી અને સન્યાસ લેવું એ પાંચ કામ કલિયુગમાં કરવાં નહીં. (આદિત્ય પુરાણ.)

दत्तायांचैवकन्यायाः पुनर्दानंपरस्यच।

અર્થ—કલિયુગમાં આપેલી કન્યાનું દાન બીજાને આપવું નહીં, (બૃહન્નારદીય પુરાણ)

પંડિત જ્ઞાનસાગર—મિથ્યાચાર્યજી, આપનાં વચનોથી કંઈ વિધવા વિવાહનો નિષેધ થતો નથી. "दत्तायांश्चैवकन्यायाः०" એ વચનનો અર્થ આપ જેમ સમજો છો તેમ નથી. એ શબ્દથી તો એ'વો અર્થ થાય છે કે પ્રાચિનકાલમાં એવી રીતિ પડી ગઇ હતી કે, એક વરની સાથે કન્યાની સગાઇ થઇ હોય ને બીજો વર તેથી ઊત્તમ મળી આવે તો તેની સાથે લગ્ન કરવામાં આવતું હતું. જેમ હાલમાં કેટલીક જ્ઞાતિમાં વિવાહ તોડવાનો ચાલ છે. જેમ યાજ્ઞવલ્કય સ્મૃતિના પ્રથમાધ્યાયમાં કહ્યું છે. યથા.

सकृत् प्रदीयते कंन्या हरंस्तां चौंरदंडभाक्;

दत्तामपि हरेत् पुर्व्वातश्रेयां श्रेद्वरा व्रजेत्.

અર્થ—કન્યાનું એકજવાર દાન થાય છે, દાન કરવા પછી જો તેને કોઇ લે તો તે ચોરની બરાબર દંડનીય છે. પણ તે વરની અપેક્ષા બીજા વરને કન્યાદાન આપવું યોગ્ય છે, એવી રીતિ ચાલુ થઇ ગયલી તેનો નિષેધ બૃહન્નારદીય પુરાણમાં કરેલો છે. એ ઊપરથી સાબીત થાય છે કે વિધવા વિવાહનો નિષેધ થતો નથી.

મિથ્યાચાર્ય—એમ તાણ્યાં ખેંચીને અર્થ બેસાડો તે ઠીક, પણ કંઇ સ્પષ્ટ વિધવા વિવાહનું એ પ્રમાણ કહેવાય નહીં.

પંડિત જ્ઞાનસાગર—આચાર્ય, આપ બીજા પંડિતોની માફક મત ખેંચો છો એવું મને લાગે છે; આપજ વિચાર કરો કે સ્વયં પુરાણકર્ત્તા વેદ વ્યાસજીનું વચન શું અભિપ્રાય બતાવે છે! યથા.

श्रुति स्मृति पुराणानां विरोधो यत्रदृश्यते ।
तत्र श्रौतं प्रमाणंतु तयोर्द्वैधे स्मृतिर्वरा ॥

અર્થ—જ્યાં કહીં વેદ, સ્મૃતિ, અને પુરાણમાં પરસ્પર વિરોધ આવે, તો ત્યાં વેદ વચન પ્રમાણિક ગણાય. અને સ્મૃતિ તથા પુરાણમાં વિરૂદ્ધતા આવે, તો સ્મૃતિનું પ્રમાણ મનાય.

તો વિચાર કરો કે, બૃહન્નારદીય, અને સૂર્ય પુરાણ, પુરાણામાં છે. અને પારાસર સ્મૃતિ છે. માટે સ્મૃતિનુંજ પ્રમાણ માનવુ જરૂર છે, ને પારાસરે સાફ આજ્ઞા આપી છે, માટે વિધવાનો ફરી વિવાહ કરતાં જરા પણ દોષ નથી.

મિથ્યાચાર્ય—શાસ્ત્રીજી મહારાજ, આપે કહ્યું તે બરાબર છે, પણ આપ જુવો છો કે શાસ્ત્ર મર્યાદાએ ચાલે છે કોણ? કો'ની મગદૂર છે ચાલતી રૂઢીને તોડી જગતમાં અપજશ લે? અને સર્વ મિત્ર વર્ગમાં ફજેતી કરાવે. આજ તો લોકરીતિજ મુખ્ય છે.

પંડિત જ્ઞાનસાગર—વાહ વાહ! જ્યારે આપ વિદ્વાન્ થઇને એ'વુ, કહેશો, તો ભલા મૂર્ખ કેમ નહીં કહે? શાસ્ત્રની આજ્ઞા મુખ્ય અને સર્વોપરી છે. લોકરીતિ શું? લોકરીતિ શું શાસ્ત્ર છે? અરેરે!! હાં, જ્યારે કોઇ વાત શાસ્ત્રમાં નહીં લખી હોય, ત્યારે લોકરીતિપર ચાલવું એ ઠીક છે. શાસ્ત્રની વીરૂદ્ધ કોઇ નિર્દય રીતિપર ચાલવું, જે કંઇ કારણસર બંધ થઇ ગઈ હોય, એ ઘણું મૂર્ખતા ભરેલું છે. સાભલો પ્રમાણ. મહર્ષિ વસિષ્ટ કહે છે.

लोकेप्रत्ययवा विहितोधर्मः।
तदलाभेशिष्टाचारः प्रमाणम्.

અર્થાત્ આ લોક અને પરલોકનાં હિતને માટે શાસ્ત્ર વિહિત ધર્મ માનવો યોગ્ય છે. પરંતુ જ્યાં શાસ્ત્ર વિધાન નહીં હોય ત્યાં લોકરીતિજ પ્રમાણ છે. સમજુ માણસનો ધર્મ છે કે લોકરીતિ ગમે તેમ હોય. લોક ફાવે તેમ કરે. પરન્તુ શાસ્ત્રની આજ્ઞા પ્રમાણેજ ચાલે. નારાયણ ! નારાયણ !!

મિથ્યાચાર્ય—પંડિતજી, આપ એક પારાસર સ્મૃતિ લઇને કુદો છો, તેમાં અ'મને ઘણોજ શક છે. કોઇ બીજા ઋષીઓના મત અ'મારા જોવામાં આવ્યા નથી, ત્યાં સુધી એક પારાસરના વચનપર કેમ આધાર રાખી શકાય !

પંડિત જ્ઞાનસાગર—એ કે'વું આપનું વાજબી છે. સાંભળો—

सतु यद्यन्यजातिचः पतितः क्लिबएवच ।
विकर्मस्थः सगोत्रोवा दासोदीर्घमयोऽपिवा ॥
ऊढापिदेया सान्यस्मै सहाभरण भूषणा ॥

(કાત્યાયન સ્મૃતિ)

અર્થ—વિવાહ થયા પછી પતિ બીજી જાતનો પતિત, નપુંસક, ખરૂં ખોટું ન જોતાં ગમે તેમ કરનારો, એકજ ગોત્રનો દાસ (ગુલામ) અથવા સદા રોગી હોય; તો તે'ની સાથે

લગ્ન થએલી સ્ત્રી વસ્ત્ર અલંકાર સાથે બીજા વરને આપવી.

कुल शील विहिनस्य पंढ दिप तित स्यच ।
अप स्मारि त्रिधर्मस्च रोगिणां वेषधारिणाम् ॥
दत्तामपिहरेत्‌कन्या सगोत्रोढांतथैवच ॥

(વસિષ્ઠ સ્મૃતિ)

અર્થ—નીચા કુલનો, નીચ આચરણનો, નપુંસક, પતિત, અપસ્મારી (ફેફરાના રોગવાળો) ખરૂં ખોટું ન જોતાં ગમે તેમ કરનારો, રોગી, વેષધારી, (નટ) અને એકજ ગોત્રનો હોય તો તેને આપેલી કંન્યા પાછી લઈ બીજા વરની સાથે પુનર્લગ્ન કરવું.

यापत्यायापरित्यक्ता विधवाया स्वयेच्छया ।
उत्पादयेत्पुनर्भूवा सपौनर्भ विउच्यते. ॥

(મનુ સ્મૃતિ)

અર્થ—જે સ્ત્રીના પતિએ ત્યાગ કર્યો હોય, અથવા વિધવા થઈ ગઇ હોય, અને તેણે પોતાની ઇચ્છાથી બીજો પતિ કર્યો હોય, ને તેથી પુત્ર ઊત્પન્ન થયો હોય, તે પુનર્ભવ અર્થાત્ બીજા વિવાહની શંતતિ કહેવાય. તો મનુઆદિ મહાન્ ઋ-

ષિઓનો મત પણ વિધવા વિવાહ કરવાને પુષ્ટી આપે છે, ત્યારે જે નથી કરતા તે અજ્ઞાન અને મૂર્ખ છે; એમ કહ્યા વિના ચાલતું નથી

મિથ્યાચાર્ય—(ગુસ્સે થઇને) બધા ઋષિ મુનિઓએ કહ્યું હશે, અને પોતાની સ્મૃતિઓમાં લખ્યું હશે, પણ આજ સૂધી કોઇએ તે પ્રમાણે કર્યું છે!

પંડિત જ્ઞાનસાગર— अर्ज्जून स्यात्मजः श्रिमानीरावान्नाम विर्यवान्। सुतान्ना नागराजस्य जातः पार्थेन धीमता ॥

(મહાભારત ભીસ્મપર્વ અધ્યાય ૯૧)

નાગરાજની પુત્રીથી અરજૂનનો મહા વિર્યવાન્ પુત્ર જેનું નામ શ્રીમાન્ઇરાવાન હતું, તે ઊત્પન થયલો. તે છોકરીના પ્રથમ પતિને સુપાર્ણે મારી નાંખ્યો હતો. જ્યારે તે પુત્રી ઉદાસ રહેવા લાગી કારણ કે તે'ને કંઇ સન્તાન નહીં હતું ત્યારે તેના પિતા નાગરાજ અપરાવતે અરજૂનને દાન કર્યું; અને તે સ્ત્રીને ફરી લગ્ન કરવાની ઇચ્છા હતી માટે અરજૂને તેની સાથે લગ્ન કર્યું.

જો વિધવા વિવાહની શાસ્ત્ર પ્રમાણે મર્યાદા ન હોત તો

અરજૂનથી વિધવા વિવાહ કેમ થાત ? લો સાહેબ મને યાદ આવ્યું. શું આપ પુરાણ ઉપરજ આધાર રાખો છો ? ત્યારે તો સાંભળો. અગ્નિ પુરાણના ૧૫૪માં અધ્યાયમાં લખ્યું છે કે

विवाहमेतत्कथितं नामकर्मचतुष्टयं ।
नष्टेमृते प्रव्राजिते क्लिबेचपतितेपतौ ॥ ५
पंचस्वापत्सुनारिणा पतिरन्यो विधीयते ।
मृतेतु देवरेदेयात् तदाभावेयथेच्छया ॥ ६

(अग्निपुराण)

उद्वाहिता पिसाकन्या नचेत्सं प्राप्तमैथुना ।
पुःन संस्कार मर्हेत यथाकन्यातथैवसा ॥

(निर्णयासिंधौ नारदोक्तं)

અર્થ—જો કન્યાનું લગ્ન થયું હોય અને અક્ષતયોનિ હોય તો તેને કન્યાતુલ્ય સમઝી પુનઃસંસ્કાર અર્થાત્ પુનર્વિવાહ કરવો ઘટે છે

વળી સર્વથી શ્રેષ્ઠ પ્રમાણ આપુ છું. જ્યારે સ્ત્રી પોતાનાં

મુએલા પતિની સાથે સતી થઇ ભસ્મ થવા ચિતામાં બેસે છે, ત્યારે કુળ ગોર તેનો હાથ પકડીને આ મંત્ર ભણે છે. યથા—

उदीर्ष्वनार्याभि जीवलोकं गतासुमेतमुपशेषएहि। हस्त ग्राभस्यदि धिपो स्तवे दंपत्युजनित्वमभि सम्बभूथ. ॥

અર્થ—હે સ્ત્રી, તું તે પતિની પાસે બેઠી છે કે જે'નો આત્મા શરીર ત્યાગ કરી જતો રહ્યો; ઉઠ, અને જીવતાને મળ અને તે પુરૂષની સ્ત્રી થા, જે કે વિધવા સાથે વિવાહ કરવાની ઇચ્છા કરતો હોય.

અરે ભાઇઓ! જો વિધવા વિહવાહની શાસ્ત્રાનુસાર આજ્ઞા નહીં હતે, તો શું વેદમંત્રમાં પણ આ પ્રમાણે લખતે? શું એ મંત્રથી પ્રગટ નથી થતું કે સતી થવાને વખતે પણ વિધવા વિવાહની મર્યાદા હતી.? ધિક્કાર છે મૂર્ખ લોકોની સમઝને કે જરા પણ વિચાર નથી કરતા!!

લક્ષ્મીચંદ—અરે મહારાજ! એવું કંઇ આપણથી થાય! કર્મ તો આપણું ફૂટી ગયું વળી આપો આપ તે ભોગમાં કોણ પડે! અરેરે પરમેશ્વર! હે ઇશ્વર! તું માંગી

આબરૂ રાખશો તો રહેશે રે મા'રા બાપ!!! (સાંઝ પડી જવાથી સહુ સહુને ઘેર જાય છે ને ઘરમાં રડવાકૂટવાનું જારી રહે છે). (પડદો પડ્યો)

પ્રવેશ ૫ મો.

સ્થલ

લક્ષ્મીચંદના ઘરનું દિવાનખાનું.

લક્ષ્મીચંદ, બાલબુદ્ધિ, કમળા, મિથ્યાચાર્ય અને તેનો કાકો.

બાલબુદ્ધિ—સ્વામિનાથ! કમળાને હવે સોળમુ વર્ષ બેઠું માટે આપણે એ'ના આભૂષણનો ત્યાગ કરાવવો જોઇએ, કારણ કે લોકોમાં આપણી વાતો થાય છે! (આંખમાં આંસું આવે છે.)

લક્ષ્મીચંદ—હે પ્રિયા! જેમ તા'રી મરજી, પણ પુત્રીને બોલાવી આપણે એને પુછીએ (કમળા પ્રવેશ કરે છે.)

બાલબુદ્ધિ—(કમળાને) બેન જો હવે તું જોબન વેશમાં આવી! માટે તા'રો આ ખોટો સધવાવેશ ઉતરાવવાનો અ'મારો વિચાર છે. !!!

કમળા—માતાપિતા!! આપ જે કહો છો તે યથાર્થ

છે! હું સારી રીતે સમજુ છું કે આ અલંકાર! અરે બળતા અંગાર! મારે નિરર્થક છે. (રડતી જાય છે ને ઘરેણું ઉતારે છે.)

રાગ સીતાના મહીનાનો.

અરેરે! ઓ મુજ માત ને તાત વાત કોને કહું;
ડુબી ભવસાગરની માંહે, દુખ અહોનિસ સહું. ૧.
પડી હળવી ચડે બહુ આળ ગાળ શીર રાંડતાં;
કરે હાંસી સહુ નરનાર, પીયુએ છાંડતાં. ૨.
ભર જોબન મા'રૂં જાય, થાય દુ:ખઅતિ ઘણું;
વિરહાનળ ઊઠે ઝાળ, સુખ નહીં આણુ ક્ષણું. ૩.
મા'રો વરવો દિસે હવે વેશ, કેશ વીણ ઓ પ્રભુ;
થઇ અપસુકની હું નાર, અરેરે ઓ વિભુ.! ૪.
થતું કુંકુમ તીલક ભાલ, ગાળ ચોંટી તહીં;
બાવળ સમ દીસે હાથ, નાથ વિણ એમ રહી! ૫.
મેં તો શોરે કર્યો અપરાધ, જગતના નાથનો;
પડ્યો વિરહ વડોરે વિયોગ, સૌભાગી સાથનો. ૬.
મા'રી સાહેલી ઓ સર્વ, ગર્વ ધરી ચાળતી;
દેખી દાઝું ઘણું મનમાંહે, અરેરે (કુમો બંધાઇ જવાથી રડે છે)

મિથ્યાચાર્ય—બેન! બાપુ! એમ રડવાથી કાંઇ

પળતું નથી ! હવે તો તા'રે ફકત ધર્મશાસ્ત્રપરજ પ્રિતી રાખવી અને તે પ્રમાણેજ વર્તવું જેથી ઇશ્વરને ત્યાં તા'રી સદ્ગગતિ થાય, અને તા'રા કરેલા પ્રાક્રતનૂ પાપ દૂર જાય. તા'રે તો વિધવાનો ધર્મ બરાબર ધર્મશાસ્ત્ર પ્રમાણેજ પાલવો તેથીજ મુક્તિ છે. શાંભળ—

तांम्बुल भ्यंजनेंचैव कांस्यपात्रेच भोजनम् ।
यतिश्च विधवाचैत्र वर्ज्जये च्चंदनादिकम् ॥

ચાલ ટોટક વૃત્તની.

શુણજે વિધવા વિધિ જેહ કહૂં,
સત શાસ્ત્ર વિષેજ લખ્યાથિ લહૂં;
ચિત એક ધરી સહુ કાન ધરો,
રૂડિ રીત થકી સુ વિચાર કરો. ૧.
કદિ ચિત્રિત વસ્ત્ર ન અંગ ધરો,
રસ રંગ સુગંધજ દૂર કરો;
ગિત વાદ્ય સમે નહિં ત્યાં પ્રવરો,
રૂડિ રીત થકી સુ વિચાર કરો. ૨.
તજિ સાર સહૂ એકવાર જમો,

વાણ કારણ અન્ય ગ્રહે ન ભગો;
નહિં મંગળ ગીત વિવાહ ફરે,
રૂડિ રીત થકી સુ વિચાર કરો. ૩.
નહિં સૂવું પલંગ અનંગ વધે,
જમવૂં નહિં કાંસ્યનિ થળિ મધે;
મુખવાસ તજો ઉપવાસ કરો,
રૂડિ રીત થકી સુ વિચાર કરો. ૪.
વિપરીત કદી વિધવા કરશે,
મત છે નકિ નર્ક મહીં પડશે;
પતિ ધ્યાન હૃદે અહનીશ ધરો,
રૂડિ રીત થકી સુ વિચાર કરો. ૫.

બેટા! સુખી રહો, ઇશ્વરનું ધ્યાન ધરો, આ ક્ષણ-ભંગૂર દેહ છે! વિષય સુખ સ્વપ્નતુલ્ય છે, તા'રે તો શાંત પ્રકૃતીથી સાધુ વૃત્તિએ આનંદમાં રહેવું. (જાય છે)

(કમળાગૌરી સાધુવૃત્તિએ ઉદાસ રહેવા લાગી એક દીવશ પોતાનો જીવ ઘણો ગભરાયો તેથી મનમાં)—અરે આજ તો કશું ચે'ન નથી પડતું! મનમાં ઘણીજ અકળામણ થાય છે! લાવ જરા કાકાને ઘેર જાઊં ત્યાં લગ્નની ગડબડમાં જરા જાઊં વારૂં મન ગોઠે છે? (જાય છે) (તે'ને આવતી જોઈ

આઘેથી બેચાર સ્ત્રીઓ હાથની ઇસારતથી રોકે છે ને તેનો કાકો ગુસ્સે થઇને કમળાને વઢે છે.)

કાકો—તું કેમ સુકન વખતે ચાલી આવી ? મારી છોકરીને વિદાય કરવાનો વખત થયો છે. તું આ વખત જા. બીજી વખત આવજે, આ સુકનનો વખત છે, કોઈ તે સારૂં લાગો, વા માંઠુ; સહુને પોતાનું સારૂં ગમે છે. જાજા ! હુમાણાં તું તા'રે ઘેર જા.

(એ સાંભળી "કમળાગૌરી"ની આંખમાં આંશું ભરાઇ આવ્યાં, તરત પાછે પગે પોતાને ત્યાં આવી, પોતાની માંને કંઇ પણ કહ્યું નહીં, અને ઉપરના માળપર જઇ ડસકે ડસકે રડવા માંડ્યું. કમલા એખલી—

ઓદ્ધવજીના સંદેસાનો રાગ.

ઓ પ્રભુ ! અબળા ઉપર તું કેમ કોપીયો,
રોપીયો મા'રે માથે દુખનો મેરજો;
જન્મ થકી જોયું નહીં સુખ કો જાતનું,
કીધો કીધો દૈવે કાળો કેર જો. ઓ પ્રભુ !–૧.
ડૂબી દુખમાં અકળામણ આવે બહુ,
ઊદય થયાં મમ પૂરવ કર્મી જોગ જો;

ઊતમ કુલ અવતાર દિધો તેં જ્યારથી.
ત્યારથી મળિયા પૂરા મા'રા ભોગ જો. ઓ પ્રભુ !–૨.
તન આભૂષણ તજતાં દુ:ખ લાગ્યું ઘણું,
ક્ષણ વારમાં વરવો થયો મુજ વેશ જો;
અપસુકની થઇ આ દુનીયાંમાં આ સમે,
જેથી પ્રગટયો તનમાં ભારી કલેશ જો. ઓ પ્રભુ !–૩.
ભર જોબનમાં ભાંગી પડ્યો ઘર થાંભલો,
સાંભળો મારા સરજન હાર દયાળ જો;
પતિ વિરહે દુખ ઝાઝું પળપળ પરગટે,
મટે નહીં મન થાય કદિ ઉજમાળ જો. ઓ પ્રભુ !–૪.
એકવારે અંન ખાતાં સુતાં સાથરે,
ભૂખે દુ:ખે ભૂમીએ મુજ અંગ જો;
સરખી સહીયર દેખી મનડું ટળવળે,
માગે મુજથી રાતા પીળા રંગ જો. ઓ પ્રભુ !–૫.
ધિક ધિક મુજ આ અબલાના અવતારને,
ધિક્ક અ'મારો સૌથી ઊત્તમ વંશજો;
ધિક્ક ચલાવી જેણે આ રૂઢી કુડા,
ધિક્ક જે મનમાં દયાતણો નહીં અંશ જો. ઓ પ્રભુ !–૬.
જે જોશીએ કૂડા જોશ બતાવીયા,

મુજ પીતાને બાંધી આલો પાસજો;
કોમળ વયમાં જે દુઃખે નીશ દીન બળું,
તેથી જાજો તેનું સત્યાનાશ જો. ઓ પ્રભુ!—૭.
માત પુત્રી કે ભગની તેંની રાંડજો,
જેણે કાંઇ દુઃખદ એ'વી ચાલજો;
વિરહાનલ આપીરે દુખ ઘણૂં દીચે,
કામ જવરે થયા તનના તુચ્છ હવાલ જો. ઓ પ્રભુ!—૮.
આ દુખથી તો મો'ત આવે તો અતી ભલું,
સહન થતાં નથિ મારે મેણાં લોક જો;
આ સંસારે આવી દુઃખ દીઠૂ ઘણું,
ગર્ભવાસનો ફેરો ફરી તે ફોક જો. ઓ પ્રભુ!—૯.
વાત પરોક્ષે કરતાં દેખું કોઇને,
સરર સોંસરા વાગે મુજને બાણજો;
ઓ પ્રભુ દુખ આ મુજથી વેઠાતૂં નથી,
હાય હાય મુજ કેમ જતા નથી પ્રાણજો!!! ઓ પ્રભુ!-૧૦.

હાય! હું જન્મતાંજ કેમ નહીં મોઇ! મા'રી સંસારમાં જન્મ લેવાથી શું સિદ્ધી થઈ?! હાય! શું આ દારૂંણ દુઃખ વિધાતાએ મા'રે માટેજ બનાવ્યું હતું?! હાય! હું અભાગણી કેમ જન્મી?! મા બાપે નવ વર્ષની ઉમરમાંજ મારૂં

ગળુ દાબી નાખ્યું ! અરે મારૂં દુઃખ એ'વું છે કે, નહીં કહે-
વાય, નહીં કોઇથી સંભળાય ! હાય ! ધરતી ફાટે ને હું સમાઈ
જઊં ! મારાથી આ અપમાન નથી સહન થતું ! હું કોને
મા'રૂં દુઃખ કહું !!! મારી સાહેલીઓ કેંવું સુખ ભોગવે છે !
કેવા ઠાઠમાઠથી પતિવૃત્ત ધર્મ પાળે છે ? તેંના પતિ કેવાં લાડ
પ્યારથી તેની ઇચ્છા પુરી કરે છે ! ઘરમાં સુશીલ અને ગુણવં-
તિ હોવાને લીધે તે'નો કે'વો આદરસત્કાર થાય છે ? ! તે ભા-
ગ્યવાન્ સૌભાગ્યવતી કહેવાય છે ! એને જોઇને મારા મનમાં
એવો ઉત્સાહ થાય છે કે આજ મારો પણ પતિ હતે તો, તે
શું કરે છે, હું એ'વું પતિવૃત્ત પાલતકે હોય ને ખરૂં ! અરે,
પણ વિધાતાએ મારા કર્મમાં લખેલું કે તું પતિનું સુખ નહીં
જાણશે ! અને દેશમાં અભાગણી કેંવાશે ! હે પ્રભો ! મેં પુર્વ
જન્મમાં એ'વાં શું અઘોર પાપ કરેલાં, કે જેનું ફલ મને આ
મલ્યું ? ! ! મને આટલાંપણ વસ્ત્રાભૂષણ વિછીંની પકે કરડે
છે ! હે નિર્દયી વિધાતા ! હે દુષ્ટ કર્મગતી ! તેં મને આ'વી
કેંમ બનાવી ? ! અરે બે ચાર વરસતો પતિનું સુખ જાણવા
દેવું હતું ! આ હાડ માંસનું શરીર છે કેટલુંએ મા'રા મનને
વારી રાખું છું, તોપણ મન ચલાયમાન થાય છે, અને સંસા
રી વસ્તુને ચાહે છે; પરંતુ તે ધર્મ શિવાય હવે ક્યાં મળવાનુ

છે ! મનને નહીં રોકું ને કામનાને મનમાંજ નહીં દગ્ધ કરૂં તો એકતો આલોક પરલોકની નહીં રહું, સર્વ કુટુંબીઓને ની ચું જોવાનું કરૂં ! જાણે વિષ ખાઇને શરીર ત્યાગ કરૂં ? પણ જ્ઞાનવાન્ થઈ મા'રાથી એ'મ પણ નથી થતું ! (એ'મ કહી માહા શોકવાન્ થઇ ભીંત સાથે માથું અફાલે છે.)

હાય ! જ્યારે એમજ થવાનું હતું, ત્યારે વિધાતાએ મને ઊંચા કુળમાં શું કામ જન્મ આપ્યો ? ! ધિક્કાર હજો એવા ઊંચા કુળોને ! સત્યાનાશ જજો તેનું કે જેણે આ'વી દુખદાઈ રીતિ ચાલુ કરી ! હાય હાય ! મારા પાડોશીની છોકરીનો પણ ના'નપણમાંજ પતિ મરી ગયો હતો ! પરન્તુ છ માસ બાદજ પતિ કરાવી દીધો હતો ! હવે તે પોતાના નવા પતિના પ્યારમાં એ'વી ફરે છે કે, જાણે વિધવા થઇજ ન હોય ! કાલેજ મા'રે ઘેર લટકતી મટકતી આવી હતી, અને પોતાના પતિના પ્યાર-નું વર્ણન કરતાં નહીં ધરાતી હતી. હાય હાય ! ઊંચા વંશ ક-રતાંતો એ હજારઘણી સારી સુખી ! આજ હમારી જ્ઞાતીમાં પણ એ'વો ચાલ હોત તો આ'વું અસહ્ય દુઃખ મા'રે શું કરવા સહન કરવું પડત ? અરે દુઃખ શું—હું સંસારમાં જીવતી મોઇ શું કરવા ગણાતે ? ! ! પરંતુ કોને કહું ને કોણ સાંભળે ! હે વિધાતા ! તું મા'રો સાક્ષી છે ! મા'રાથી આ કઠણ પહાડ ન

થી કપાતો ! તું દયા કરીને મને સત્વર મોત આપ, કે મારો પડદો ઢંકાય ! શું કરૂં ? ક્યાં જાઊં ? તાંરા શીવાય આ સંસારમાં મારૂં કોઇ નથીરે પ્રભુ ! ! ! (ઘણા જોરથી માંથુ કૂટી રડે છે) (માથાંનુ કૂટવું અને રડવું સાંભળી મા દોડતી ઉપર આવે છે.)

મા—હેં હેં, બાપુ શું છે ?! શું થયું ?! વાતતો કહે ! કોઇએ તંને કાંઈ કહ્યું છે. આટલું દુઃખ શું કરવા ધરે છે ?! ઇશ્વિરની કૃપાથી તાંરા બાપ સલામત છે તો તા’રે શી વાતની કમી છે ? કે આટલી નિરાશ થાય છે. ! જે તા’રા મનમાં આવે તે ખા પેહેર, તને કોણ અટકાવે છે ! જો ખુશીમાં આવે તો પુણ્યદાન કર. સહુ ઘરમાં ભરેલું છે. બાપુ ! ! ! (રડીને) એવું કરવું તા’રે ન જોઇયે ! જો તારે દુઃખે તાંરા બાપનું અડધું શરીર થઇ ગયું છે ! તને રડતી જોઇને તે જીવતા પણ નહીં રહેશે ! કર્મગત સાથે કોઇનું ચાલતું નથી ! ભગવાને અ’મારી એ’વી ચંડાલ જાત બનાવી છે કે એકવાર શીસાની માફક ભાંગે તે ફરી આખું ન થાય ! બાપુ ! ! તે આચાર્ય (ગોર)નું સત્યાનાશ જાઓ ! જેણે ખોટા ગ્રહ બતાવી મારી પ્યારી છોકરીનું માથું કાપ્યું ! ! (માં પોતાને હાથે આસું લુંછતાં) બાપુ ! જવાદેને ! સંસાર દુઃખનું મૂળ છે ! તાંરે શું ક-

રયો છે ? ! પરમેશ્વર આગળ કોઈનુ નથી ચાલતું ! ! !

કમળા—મા ! તું જુવે છે ! હું કોઇના કામકાજમાં જતી નથી. કાકાને ત્યાં આપણું ઘર સમઝીને ગઈતી ! કાકાએ મને એવી—(એમ કહી રડી દીધું)

મા—વાતતો કર ? શું થયું ? !

કમળા—મા ! એણે કહ્યું, તું રાંડ અપસુકન કરવાને આ વખત કેમ આવી ? (પાછું રડી દીધું) માતાજી ! મા'રાથી આ અપમાન નથો સહન થતાં ! ! એનાથી તો મરવું ભલું ! ! ! હાય ! હું એ'વી મંદભાગીની ઠરીકે મા'રૂં ઉભા રહેવું અપસુકન થાય ? ! હવે મારૂં જીવતર વૃથા છે ! (એમ કહી ધ્રુસકે ચઢે છે.)

મા—બાપુ ! એતો ઘણા ખરાબ છે ! તું તે'ને ઘેર મા'રા વિના કેમ ગઇ ? ! એ'નો સ્વભાવ તો હુંજ જાણું. (છોકરીને ઘણી રડતી જોઇને) બાપુ, જવા દેને ! ! એ'નો કંઇ વિચાર નહીં કર. કંઈ કામ પડશે ત્યારે જોઇ લઇશું ! ભાગ્યતો આપણું ખોટું છે ! કે લોકોની વાતો સાંભળવી પડે છે ! આપણો ઇશ્વર છે ! !

(એ'વું કહી કમળાનો હાથ પકડી નીચે લાવે છે ને કહે છે) બાપુ ! તેં રામાયણમાં કાલે સતસંગનો પ્રભાવ વાંચ્યો

હતો, તે મને ઘણો પ્યારો લાગ્યો હતો; તે પાછો મને જરા સંભળાવ (છોકરી વાંચે છે ને મા ધ્યાન દઈને સાંભળે છે.)

હરીગીત છંદ.

સત્સંગના પ્રભાવ વિષે.

સત્સંગતી તણો પ્રતાપ, છે અપાર જાણજો,
વિચારિને વિવેકથીજ, વિશ્વાવ સુજ્ઞ આણજો;
અનેક જન્મનાં સુકૃત્યો, આવી ફળે તો મળે,
કહો શું સુસંગતી મળ્યાથિ, કાર્યારંભ નાં ફળે? —૧.
અનેક જન્મનીજ સુબુદ્ધિ વૃક્ષ વિશુષ્ક હોયજો,
સત્સંગતી સુબોધવારિ, સીંચીને સદા યજો;
જ્ઞાનાદિ ફળ પ્રફુલ્લ થાય, સુ સંગથી સુબોધ લે,
કહો શું? સુસંગતી મળ્યાથી, કાર્યારંભ ના ફળે. —૨
કામિયોનો કુકામવેગ, મહાંધ જે કરે પ્યરો,
સુસંગ બોધપ્રકાશથીજ, ધર્મિ માનુષો હરો;
અગ્નિથી પરિતપ્ત કુક્રોધ, શત્રુ જિતાય એ ફળે,
કહો શું? સુ સંગતી મળ્યાથિ, કાર્યારંભ નાં ફળે. —૩.
છટેલ થાય કુલોભથીજ, વિવેકને તજી દિયે,
રાત દીન ભટકતાં જાય, આવે શાંતિ ના હિયે;

મન વિષે સત્સંગ બોધ રિદ્ધી જો મળે ટળે,
કહો શું ? સુ સંગતી મળ્યાથિ, કાર્યારંભ નાં ફળે. —૪.
કુ મોહ તણો અતૂટ પાશ, કોટિ ઉપાય નાં છુટે,
પરરિદ્ધિ સિદ્ધિ સુવૃદ્ધિ, સ્વકીય ભાલને કુટે;
સત્સંગ સમાગમ શરેથિ, વિમુક્ત થાય તે પલે,
કહો શું ? સુ સંગતી મળ્યાથિ, કાર્યારંભ નાં ફળે. —૫.
કુત્સિત મદથિ અંધ થાય, લહિ ન સારાસારને,
પડે અગાધ દુખ કુપ માંહિ, પામે કદિ ન પારને;
મળ્યાથિ સુસંગબોધ રજ્જુ, પકડિ બહાર નીકળે,
કહો શું ? સંગતી મળ્યાથિ, કાર્યારંભ નાં ફળે. —૬.
કુમત્સર રૂપી અજગરે, મનુષ્ય જે ગ્રસાય છે,
પર ઉત્કર્ષ જોઇ ઝેર, નેત્રમાંહિ છવાય છે;
સુસગબોધ મંત્રૌષધિથિ, વિકાર તે ક્ષણે પલે,
કહો શું ? સંગતી મળ્યાથિ કાર્યારંભ નાં ફળે. —૭.
આ લોકમાંહિ માન્ય હાય, મોક્ષ સુખ પરલોકમાં,
વર ઉન્નતિ વ્યવહાર માંહિ, કીર્ત્તિ સજ્જન ચોકમાં;
થાય સિદ્ધિ સુસંગ કરયાથિ, વાત અંશિયો કળે,
કહો શું ? સંગતી મળ્યાથિ, કાર્યારંભ નાં ફળે. —૮.
સુસંગબોધ સુધાનિ વૃષ્ટિ, થાય સ્વલ્પ કાલમાં,

બહુ કાલ કુસંગ કોશથી, ભિંજાય નહિં મહિમમાં;
તર થાય શુષ્ક શરીર ક્ષેત્ર, સુસંગ મેઘના જળે,
કહો શું ? સંગતી મળ્યાથિ, કાર્યારંભ નાં ફળે. —૯.

સુસંગ રૂપિ પારસ અડકે, યદિ અજ્ઞાન લોહને,
કાંચન રૂપ વિશુદ્ધ જીવ, બની તજે કુ મોહને;
ગૃહાંગણેજ સ્વર્ગ આવે, સદ્ગતિ કરતલા મલે,
કહો શું ? સંગતી મળ્યાથિ, કાર્યારંભ નાં ફળે. —૧૦.

સ્થૂલ સૂક્ષ્મ જે જે કૃત્યો, સત્ય સમાગમે સરે,
મન વિકાર સહુ દૂર થાય, વાત' વિનયિ ન વીસરે;
મળે નકિ પ્રભુ કૃપાથિ કૃષ્ણ, જયિ એ સાર શાંભળે,
કહો શુ ? સંગતી મળ્યાથિ; કાર્યારંભ નાં ફળે. —૧૧.

ક૦ કૃ૦ છ૦

(એ પ્રમાણે વાંચતા વાંચતાં બેહુનું દુઃખ જરા વિસારે પડે છે.)

પડદો પડયો.

પ્રવેશ ૬ ઠો.

સ્થલ

લક્ષ્મીચંદનું ઘર.

(કમળા, બાળબુદ્ધિ, લક્ષ્મીચંદ અને પછીથી સુમિત્રા.)

કમળા (એકલી)—હાય હાય ! આ દુઃખનો અંત કયારે આવશે ! અરે પ્રભુ ! આ વિરહાનળની ઝાળમાં હું ભૂંજાઇ જાઊં છું ! હાય હાય ! મા'રાથી આ દુઃખ નથી સહન થતું ! હાયરે હું કયાં જાઊ ! કો'ને કહું ! કેમ કરી દીવસ નિર્ગમન કરૂં ! અરેરે ! એ ઇશ્વર ! તું મ'ને મો'ત આપ કે હુ આ દુઃખથી છૂટું ! અરેરે ! મેં તે એ'વાં શાં પાપ કર્યાં હશે ? કે તેં મ'ને ઊંચા કુલમાં અવતાર આપ્યો ! હે ! ધરતી માતા તું મ'ને માર્ગ દે કે, હું શમાઇ જાઊં ! અરે ભલા ભગવાન ! મા'રૂ મન ઘણુંએ વ્યભિચાર કરવાને ઇચ્છે છે. પણ શું કરૂં શાસ્ત્ર, કુળ અને લોક લજ્જાનો વિચાર કરી નિરાશ થઇ પાછું પડે છે! સારાં સારાં વસ્ત્રાભૂષણનું ઘણું એ મન થાય, પણ શું કરૂં ! હાય ! મા'રાથી ભૂમિ શયન શિષ વપન, એક ભુકતા આહાર, નથી થતો, મા'રી શી ગતિ થશે ?! મિથ્યાચાર્યજીનો ભાખે-

સો ધર્મ કેમ પળાય ! ને જો નહીં પળાય તો હું અધોગતિએજ જવાની, હાય હાય ! આ ભવ બિગડયો તો બિગડયો, પણ વળી પરભવ પણ બિગડયો, ત્યારે મા'રી શી ગતિ થશે ? ! હે પરમેશ્વર ! તુંજ મારો બેલી છે, આ સંસારમાં તા'રાવિના મ'ને કોઇનો આધાર નથી. માટે તુંજ મને સંભાળજે ! હા !!! (રડે છે.) (એ પ્રમાણે રડતી જોઇને.)

બાળબુદ્ધિ (કમળાને)—બેન, ઓ મા'રી પ્યારી બેન ! તું મિથ્યા શોક શું કામ કરે છે, મા'રી બાપુડી ! જે થયું તે થયું ! હવે શોક કરવાથી શું થશે ? તું સર્વ સમઝે છે, તા'રા રડવાથી અ'મારી છાતી ભેદાઇ જાય છે ! અ'મારા દુઃખને પાર નથી ! પણ શું કરીએ બેન ! નાચારે નિવૃત્તિ !!!

લક્ષ્મીચંદ—બેન ! બેટા !!! તું આમ દુઃખમાં ને દુઃખમાં તા'રો દેહ પાડશે, તોપણ એમાનું કંઇ દખે એમ છે ? શું કરીએ ! અ'મને ઘણુંએ થાય છે ! (આંસુ આવે છે.) બેટા ધીરજ રાખ ! ધીરજ રાખ ! (ત્રણે જણ ઘણાજ દુઃખથી રડે છે. એ'વામાં પંડિત જ્ઞાનસાગર વગેરે પ્રવેશ કરે છે.)

પંડિતજ્ઞાનસાગર—શેઠજી, આ પ્રમાણે રોજ રોજ દુઃખ ધરવાથી કંઇ ફાયદો થાય એમ છે ? જ્યારે આપ પ્રારબ્ધ ઉપરજ ભરોશો રાખો છો, ત્યારે તો રડવું નહીં જોઇએ; અને

તેમ ન હોય તો જે દુ'ખ આવે તે'નું પ્રયત્ન કરી તેથી દૂર ર-હેવાના ઉપાયની યોજના કરવી, એ માણસ માત્રનો ધર્મ છે; બાકી આખો જન્મ રડવામાં ગુજારશો તોપણ આ અગાધ દુ:ખનો અંત આવે એ'મ મ'ને ભાષતું નથી.

લક્ષ્મીચંદ—પંડિતજી, આપના ન્યાય, વિચાર અને અભિપ્રાયને હું મળતો આવું છું પણ લોક રીતિ આડે આવી મ'ને ઉન્નતિ દુર્ગ ચઢતાં રોકે છે.

મિથ્યાચાર્ય—ભાઇ કાલ ઘણો બારીક છે. મહા પુ-રૂષની પણ મતિ બદલાયલી માલમ પડે છે. શેઠજીનું મન પણ વિધવા વિવાહ તરફ ખેંચાયલું જણાય છે. આજ કાલના અં-ગ્રેજી સુધારાવાળા અર્ધ પંડિતોથી, દેશનું સત્યાનાશ અને લોકો ધર્મભ્રષ્ટ થઇ જવાનાં. શિવ ! શિવ !! શિવ !!! આ'વો ભૃષ્ટા ચાર થતો શું આપણી નજરેજ જોવાનો વખત આવશે ?

પંડિત જ્ઞાનસાગર—મિથ્યાચાર્યજી, આપ શું એમ સમજો છો કે, અંગ્રેજી ભણવાથી કંઇ નુકશાન છે ? અ-ને આજકાલના અર્ધ પંડિતોથી દેશને હાનિ પો'ચે છે ? અરે, એ સુધારાથીજ દેશમાં પુનરૂદ્ધાર થવાની કંઈ આશા રાખવામાં આવે છે. આપ જે'વા મિથ્યાચાર્યોના મિથ્યાવચનનુંજ પાપ આ દેશની બિચારી કોમળ અબળાઓને દુ:ખદરિયામાં ડૂબાવી

મૂકે છે! અફસોસ! સદ હજાર અફશોશ!! કે આવા સમઝુ માણસની આગળ આટઆટલો ઉપદેશ વ્યર્થ જાય!!! શું વિધવાનો શ્રાપ આપને ન લાગે? શું ઇશ્વરનો કોપ ત'મારા જેવા ઉપર ન થાય?. શું કોઇ દિવસે એ કુરીતિ તૂટી ન જાય? (જોસમાં આવીને) અરે હાયરે દેશાચાર! તા'રો કે'વો મહિમા છે! તા'રો કે'વો કઠણ અધિકાર તા'રા દાસો પર છે! થોડે થોડે તેં પોતાનો અધિકાર એવો તો ફેલાવ્યો, કે શાસ્ત્રોને પગ તળે દાબ્યાં! ધર્મને દૂર કરી દીધો! હિતોપદેશના બોધને ઉડાવી દીધો! ન્યાય અન્યાયનાં વિવેકને બંધ કરી દીધો! તારો પ્રભાવ એ'વો કઠીણ છે કે, જે શાસ્ત્ર છે તે અશાસ્ત્ર, અને જે અશાસ્ત્ર તે શાસ્ત્ર! જે ધર્મ છે તે અધર્મ, અને અધર્મ તે ધર્મ પળાય છે! તા'રા પ્રતાપથી એ'વા મનુષ્યો જે કે અધર્મી અને દુરાચારીઓ, તે ધર્મિષ્ટ મનાય છે! અને જે ખરા ધર્મ શીળ, સત્યસંગી, સત્યમાર્ગી છે અને તે તા'રા અધિકારને નથી માનતા તો તેઓ નાસ્તિક, અધર્મી અને નીન્દનીય ગણાય છે!!!

હે ધર્મ, તા'રી કે'વી દુર્દશા થઈ ગઇ! કેમ કરી તા'રી રક્ષા અને કેવે પ્રકારે તા'રો લોપ થાથ છે, તે તુંજ જાણે છે! હે શાસ્ત્રો! તમારી કે'વી દુરાવસ્થા થઇ ગઈ છે! તમારી આ-

જ્ઞાને કોઇ નથી માનતું ! એ'વા માણસો કે જેની સર્વ ઉમ્મર એવાજ કામમાં વીતેલી કે જે કર્મનો વારંવાર તમે નિષેધ કરેલો! તેઓ લોકમાં ધર્મ પારાયણ તથા ધર્મગુરૂ કહેવાય છે ! અને જે એ'વા કર્મના કરવાવાળા છે, કે કોઈ પણ દિવસ ત'મારી આજ્ઞાનો લોપ નથી કરતા, તેઓ નાસ્તિક અને અધર્મી કહેવાય છે! હાય ! ધર્મનું પ્રબલ પૂર ભારતવર્ષ પર ચઢેલું છે, પણ કોઇને શાસ્ત્રની આજ્ઞાનો વિચાર નથી ! જે ચાલે છે તે દેશ રીતિ, પછી તે ગમે તેવી અનર્થકારી કેમ ન હોય !!!

હે ભારત વર્ષ ! તું કે'વો હતભાગ્ય થઇ ગયો ! તું પે'લાં તા'રા સંતાનનાં શુદ્ધ વ્યવહારનાં પવિત્ર આચારથી, બીજા દેશોમાં પુણ્યભૂમિ કે'વાતો હતો ! પરંતુ હવે તેનાજ દુરાચારથી ભૃષ્ટ થઇ ગયો ! અને અન્ય દેશોમાં તા'રી એક કોડીની પણ આબરૂ ન રહી !!! તા'રી વર્તમાન દુર્દશા જોઇ આશા નથી થતી કે તું શીઘ્ર ઉત્કૃષ્ટ સ્થિતિને પામે !!!

હે ભારત વાસી આર્યો પુરૂષો ! હવે ક્યાં સૂધી મોહ નિદ્રામાં અચેત સુઇ રહેશો ? એકવાર જ્ઞાનનેત્ર ઊઘાડીને જુવો ? કે તમારી પુણ્યભૂમિ ભારતવર્ષ, વ્યભિચાર, બાળહત્યા, આદિ પાપનાં પ્રવાહમાં ડૂબી ગઈ છે ! ત'મારા દેશની કે'વી ભૃષ્ટ દશા થઇ રહી છે ?! શાસ્ત્રનું યથાર્થ તાત્પર્ય સમજી તે પ્રમાણે

વર્તશો, ત્યારેજ તમે તમારા દેશનાં કલંકને દૂર કરી સકશો. પરંતુ હે દુર્ભાગીઓ! ત'મે તમારા પૂર્વ સંચિત કુસંસ્કારનાં એ'વા તો વશીભૂત થઇ રહ્યા છો, અને દેશાચારના એ'વા તો દાસ થયા છો કે, મ'ને આશા નથી થતી કે ત'મે તેથી બચીને સુમાર્ગે ચાલી સકશો. અભ્યાસ દોષે ત'મારી બુદ્ધિપર પથ્થર મૂક્યો છે જેથી ત'મારૂં હૃદય એ'વું તો કઠોર થઇ ગયું છે, કે, ત'મને બિચારી કોમળ વિધવાઓ ઉપર જરા પણ દયા નથી આવતી.! જ્યારે તે'નાંથી કામનો પ્રબલ વેગ સહન નથી થતો, અને તે બ્રહ્મચર્ય વૃત્તથી ભૃષ્ટ થાય છે, ત્યારે તમે તે'ના દોષ સંતાડવાનો પ્રયત્ન તો કરો છો, પણ તે ધર્મ અને પ્રતિષ્ઠાનો ત્યાગ કરી કેવળ લોકલાજથી ભયભીત થઇ તમે પોતેજ બાલહત્યા કરાવવામાં સામેલ થાઓ છો. પરંતુ હાય!! ઘણાજ આશ્ચર્યની વાત છે, કે ત'મે શાસ્ત્રની આજ્ઞા માનીને તે'ને પુનર્લગ્ન કરાવવામાં સામીલ નથી થતા! અને આ ઊપાયથી તે બીચારી વિધાવાઓનું અસહ્ય દુઃખ, આપણા માથાંપર આવતા પાપો અને અધર્મને નથી દૂરકતા! અરે, પણ દીન પ્રતિદીન અ'મને પદેપદે ઊદાહરણ જોવામાં આવે છે કે આવિચાર (પુનર્લગ્ન ન કરવા) તમારા ભૂલ ભરેલા છે. હાય, કે'વો પશ્ચાતાપનો વિષય છે! જે દેશના પુરૂષના મનમાં દયા નહીં

હોય, ધર્મ નહીં, ન્યાય અન્યાયનો વિચાર નહીં હોય, હિત અહિતનો બોધ ન હોય, સત્યાસત્યનો વિચાર ન હોય, ફક્ત લોક રીતિજ પ્રધાન કર્મ અને પરમધર્મ મનાતો હોય; એ'વા દેશમાં ભાગ્યહીન સ્ત્રી જાતિને ઇશ્વિર જન્મ નહીં આપે તો ઘણું સારૂ! હે સ્ત્રી વર્ગો કોણ જાણે તમારાં શા પાપ છે, કે તે પાપને લીધે તમારો ભરતખંડમાં જન્મ થયો!! આ દેશમાં અને વળી ઊંચાકુલમાં જન્મ લીધાથી કેવળ ત'મારા નશીબમાં દુઃખ દુઃખનેદુઃખજ લખેલું છે. !!! (ઘણાજ અફસોસમાં આવી નિશ્વાસ નાખી બેસે છે.)

સંતોકરામ—ધન્ય છે ધન્ય છે!! પંડિતજી આપના ભાષણથી હદ વળી ગઈ.

મિથ્યાચાર્ય—અરે ભાઇઓ આ પંડિતજીના કહ્યા પ્રમાણે ચાલજો, કે બ્રાહ્મણ, ક્ષત્રી, વૈષ્ય અને શુદ્રની એકજ વર્ણ જણાય. ભાઇઓ, વિધવાને ફરી પરણાવો ફરી. ત્યારવિના સ્વર્ગ ક્યાંથી મળે!!.

સંતોકરામ—આચાર્યજી આપના મનમાં ન્યાય અન્યાય તોળવાની શક્તિ નથી, ને વગર સમઝે ખોટી બેંચ કરવી એમાં શો માલ?.

લક્ષ્મીચંદ—આચાર્યજી આપ આમ ગુસ્સે થશો

તેથી કંઈ પંડિતોના મુખ બંધ થવાના છે ? જો બરાબર નિષેધ કરવાની આપમાં શક્તિ હોય તો કોઇ સ્મૃતિ કે વેદનું પ્રમાણ આપો, વગર પ્રમાણે અને યુક્તિથી વિરૂદ્ધ વાતને કોણ માનશે ? મા'રા વિચાર પ્રમાણે પંડિત જ્ઞાનસાગરજીના મતને કોઇ વ્યર્થ કરે એમ નથી.

મિથ્યાચાર્ય—બસ બસ, બહુ થયું ભાઈ; હું સર્વ સમજ્યો, હવે વધારે તકરાર કરવાની જરૂર નથી. કરો તમે ત'મારૂં સૂઝતું, મારે કોઇના કામમાં આડે આવવાનુ શું કામ છે ? (રીસ ચઢાવીને ચાલવા માંડે છે.)

બાળબુદ્ધિ—આજ કેટલાંક વર્ષ થયાં એ વિષય ઉપર ચરચા ચાલે છે પણ આજ સુધી લોક રીતિ તોડી કોણ આગળ વધ્યું છે ? કદાપિ કોઇ આગળ પડયું તો તે'ને ન્યાત બહાર મૂકવામાં આવે છે. મહા અંધેરની વાત છે ! કે જે'ની વહુ દીકરી ગર્ભપાત કરે કે નીચ વર્ણ સાથે વ્યભિચાર કરે, તે'ને ન્યાત પૂછતી નથી; અને પુનર્લગ્ન કરનારને ન્યાતબહાર કહાડે છે. ત્યારે એતે કે'વો ઇનસાફ ! જો ન્યાત વાળાઓ ન્યાત બહાર નહીં મૂકતા હોય તો શેંકડો વિધવા બેધડક પુનર્લગ્ન કરે. આ કામમાં સરકાર કંઇ હાથ નાખતી નથી, કારણકે સ-

રકારનો કોઇનાં ધર્મમાં કે રૂઢીમાં હાથ નાખવાનો ચાલ નથી. ત્યારે નશીબજ વાકું તો !.

કમળા—માતાપિતા ! ધર્મ અને ન્યાતના કામમાં સરકાર હાથ નથી નાખતી, ત્યારે સતિ થવાની રીતિ કેમ બંધ કરી ? તે કામ શું ધર્મનું નહી હતુ ? ખરે તે સ્રીહત્યાનો ચાલ તો બંધ કરાવ્યો, પણ સરકારને એટલો વિચાર નહીં થયો કે એંની પાછળ બાળ હત્યા અને ખાંનગી સ્રીહત્યા ચાલતીજ રહેશે. હાય ! આવા ન્યાયી રાજ્યમાં પણ હમારે માટે ઇનસાફ નથી ! ! જો સરકાર કાયદો કરે, ને એક "વિધવા ટાકસ" નામનો કર લાગુ કરે, ને દર વરસે વિધવાદીઠ એક ભારે કર લેવાનો ઠરાવે તો જુવો પછી શાસ્રને કોણ જોવા બેસે ?. સતિ થવાનો ચાલ પણ શાસ્ર પ્રમાણેજ હતો તે સરકારે ઝટ બંધ કર્યો તો કોઇથી કશું બોલાયું નહી તેમજ વિધવાને માટે થાય તો કોઇ સાંમે ન થાય. પણ સરકારને અબળાના દુઃખનું શું જ્ઞાન ? હે ઇશ્વર તુંજ મારી વાહરે ધાજેરે મા'રા બાપ (રડે છે)

મરસીયો.

ઓજી ઓય હાયરે ! દશિયો મંન વિચારો.
અજી દશિયો મંન વિચારો,

નથી રહ્યો આ દુઃખનો આરો;
મારો એળે ગયો જનમારો. જી ઓય હાયરે !—૧.

ધીઃક ઊંચ કુલે અવતાર,
જેમાં દુઃખ તણો નહીં પાર;
બળે નિશદિન વિધવા નાર. જી ઓય હાયરે !—૨.

લગ્ન બાળપણામાં કરો છો,
બહુ હોંશ તેવારે ધરોછો;
હાથે કરીને રાંડ કરો છો. જી ઓય હાયરે !—૩.

રાંડ થાય નહીં પરણવા દેવી;
ઊંધી રૂઢી બાંધી તમે એ'વી;
દુષ્ટો વજ્ર છાતી એ કેવી. જી ઓય હાયરે !—૪.

તમે વિવાહ ફરીને કરતા,
નીજ સ્વાર્થ થકી નથી ડરતા;
(દુખ) વિધવાનું નથી મન ધરતા. જી ઓય હાયરે !—૫.

કેમ દેશિયો થઈ મતિ કૂડી,
થશે પ્રભુ પાસે દશા ભૂંડી !
કહે તિલક તોડો એ રૂઢી. જી ઓય હાયરે !—૬.

સર્વ ઉભા થઈ

પ્રભાતી

પદ.

ઓ પ્રભુ બુદ્ધિ રૂડી પ્રેરો, ઘેરો તૂટે અ'મારોરે,
જો પ્રભુ આ દુખથી સૌ છુટે, માનીએ પાડ તમારોરે. ઓ—૧.
દિવ્ય ચક્ષુ એ દીર્ઘ પંથ જોતાં, ખોતાં તીમીર જ્ઞાનરે,
લોક રીતિનાં આંખે પાટા, બાંધી ભુલ્યા નિજ ભાનરે. ઓ—૨.
ફરી ફરીને પુરૂષ પરણે, એકથી અધિકી વારરે;
વિધવાનો વિચાર કરે નહી, એ દુઃખ અપરમ્પારરે. ઓ—૩.
પલંગ દેખી અનંગ પ્રગટે, વિરહાનળની ઝાળરે;
રાત દીવશ તન તપ્ત રહે છે, કેમ નિરગમીયે કાળરે. ઓ—૪.
ગર્ભપાત કરતાં મન ધ્રૂજે, ધ્રૂજે અ'મારાં ગાત્રરે;
સગાં સહોદર જો જાણે તો, થઇ પડીયે વિષ પાત્રરે. ઓ—૫.
આવે આડે જેહ અ'મારી, તે ઘેર તેવું થાયરે;
માતા બેન કે પુત્રી રાંડો, લાગે અ'મારી હાયરે. ! ઓ—૬.
દય કરજોડી વિનતિ કરૂં છું, આ દુઃખથી ઊગારરે,
કમળા કહે કરજોડી પ્રભુને, મુજને તુજ આધારરે. ઓ —૭.

પડદો પડયો.

સમાપ્ત.

શું વિધવાનું વપન કરવું યોગ્ય છે?!!.

દોહરો.

શાસ્ત્ર રીત સમજે નહીં, નહીંજ ન્યાય વિચાર;
વપન કરે વિધવા તણૂં, દયા ધરે ન લગાર.

મનહર છંદ.

કરીને વિચાર સહુ, ધરી મમ વાત હુદે,
ફરી દુષ્ટ રીતથી ને ભરી ભાવ ચીત્તમાં;
સ્મરીને રમાનું દુઃખ, જરીતો વિચાર કરો,
મરી ગયે પતિ અતિ, ખરી ખોટ પ્રીતમાં:
ગરીબ ગુલાબ જે'વી, ઠરીને ન સુખે બેસે,
ધરિયે પછીથી બુરી રૂઢી લોક રીતમાં;
કરીએ વપન શીષ, ડરીએ ન પ્રભુ થકી,
અરિ થઈ આપણેજ ધરી દુઃખ નીતમાં.

વ્યાખ્યા—વિધવા વપન! હાય!! આ નામ સાંભ-

ળતાંજ મનમાં સંતાપરૂપ અગ્નિ પ્રગટે છે ! ચિત્ત દુઃખ દરિયામાં ડૂબે છે ! શરીર રોમાન્ચીત્ થઇ શોક સમુદ્રમાં નિમગ્ન થાય છે ! કે આ'વો અસહ્ય દુઃખરૂપ રિવાજ ક્યાંથી નીકળ્યો હશે ? હે આર્યભૂમિનાં દિવ્ય પુરૂષો ! આપ જરાતો વિચાર કરો, કે વિધવા વપનનો રીવાજ આપણા પ્રાચીન ઋષિમુનિકૃત ગ્રંથાનુસારે છે કે કલ્પિત છે ? આર્ષગ્રંથાનુસારે હોય તો તે'ને માટે શું પ્રમાણ ? આપને માલમ ન હોય તો એ રૂઢીનાં ચલાવનાર ધર્મગુરૂને પૂછો. અને શાસ્ત્રથી વિરૂદ્ધ એ જુલમ હોયતો એને ઘણીજ ત્વરાથી બંધ કરવાનો પ્રયત્ન કરો. હે વિચારશીલ બંધુઓ ! હું ખાતરીથી કહું છું કે, વિધવાનાં કેશ ઉતારવા એ યુક્તિશૂન્ય અને ન્યાયથી ઉલટી રીત છે. વિચાર કરો કે જો શાસ્ત્રાધારે વપનની રૂઢી હોયતો આખા આર્યાવર્ત્તમાં પ્રચલિત હોવી જોઇએ, પણ એમ નથી; માત્ર ગુજરાત અને મહારાષ્ટ્રમાંજ જોવામાં આવે છે; પંજાબ, મધ્ય પ્રાન્ત, વાવ્ય પ્રાન્ત, અને બંગાળા આદિ પંચગૌડ દેશમાં નથી. ત્યારે શું ગુજરાત તથા દક્ષિણની વિધવાને માટે જૂદાં શાસ્ત્રો હશે ? હું ખાતરીથી કહું છું કે આર્ષશાસ્ત્રોમાં વિધવા વપનને માટે કાંઇ પણ સ્થળે વિધી નથી, ઉલટું દોષ, પાપ, અને અધોગતી પ્રાપ્ત થશે, એમતો લખ્યું છે. માત્ર એકજ શ્લોક કોઈ દુષ્ટ બુદ્ધિ-

નાં મતલબી પુનર્લગ્નની ઉત્તમ ચાલને અટકાવનાર મનુષ્યે સ્વ-
કપોલ કલ્પિત રચી ભોલા લોકોને ભ્રમિત કરી બિચારી ગરીબ
નિરાધાર અબળાને દુઃખપર ડાંમ દીધો છે. જે શ્લોક અ'મે
નીચે લખીએ છઇએ. એ એકજ પ્રમાણ શિવાય કોઇપણ સ્થળે
વિધવા વપનનું વિધાન અ'મારા જોવામાં આવ્યું નથી. યથાઃ-

विधवा कबरी वन्धो भर्तृ वन्धाय जायत।

शिरशो मुण्डनं तस्मात्कार्यं विधवया सदा॥१॥

અર્થ—વિધવા સ્ત્રી જો કેશ બાંધે તો તે પતિને બંધન
થાય છે, એ કારણ માટે વિધવાએ નિરંતર માથું બોડાવવુ
(મુંડાવવું) જોઇએ. ૧. આ ક્ષેપક શ્લોકથી વિધવા મુંડણનો
રિવાજ પડી ગયો. આ શ્લોક ઉપલકિયો છે, કોઈ શાસ્ત્રનો ન-
થી. અને એ શિવાય બીજું પ્રમાણ પણ મળવું દુર્લભ છે.

હે ભાઇઓ! વિચાર કરોકે, વિધવાના કેશ ઉતારવાથી
કંઇ પુણ્ય થાય છે કે કેમ? અરે બિચારી અપાર દુઃખીણી
સ્ત્રીને દાઝેલાપર ફરી અંગાર વા મીઠું મૂકવા જે'વો આ જુલ-
મી રીવાજ ઉપરના શ્લોક રચનારે પ્રચલિત કર્યો છે. હાય!
એકતો બિચારીને પોતાના પતિના મૃત્યુ પામવાથી જે અપાર
કલેશ ઉત્પન્ન થયલો તે શોકાગ્નિમાં ડૂબેલી, પોતાના જન્મ પ-

ધૈન્તના સુખથી વિમુખ થવાથી દુઃખ સમુદ્રમાં નિમગ્ન થએ-લી. અને પછી તેના કેશાલંકાર ઉતારવાથી થતું ભયંકર પિશાચિકરૂપ દેખી પથ્થરવત્ કલેજાં વાળા મનુષ્યનું પણ અંતઃકરણ ગદગદિત શું નહીં થતું હોય ?. અરે થાયજ. ઉત્તમ કુલથી ઉત્પન્ન થયલી કે, જે પર પુરૂષનો સ્પર્શ થવાથી મનમાં ઉદ્વેગ પામતી હોય, તેવી સ્ત્રીને એકાન્ત જગ્યામાં બેસી એક નીચા કુલના ધૂર્ત્ત નાપિક (હજામ) ના હાથમાં માથું આપ્યા પછી તે સ્વભાવિક ધૂર્ત્ત, અધક પાંસલી જાતનો મનુષ્ય માંથું ગાલ અને ગમે ત્યાં પોતાનો હાથ ફેરવી તે'ની મશ્કરી કરે, તે વખતનું દુઃખ હું ધારૂં છું કે, સહસ્રમુખી શેષ પણ પોતાની હજાર જીભે વર્ણન કરવા અશક્તથાય !! એ દુઃખ તો વીતે તેજ જાણે !!!

વિચાર કરો કે જ્યારે સતી થવાનો ચાલ હતો ત્યારે કો'ના કેશ મુંડાવતા હતા ? પૂર્વાચાર્ય પ્રણિત ધર્મ શાસ્ત્રોપરથી સ્પષ્ટ વિદિત થાય છે કે, પૂર્વે ઘણી સ્ત્રીઓ પોતાના પતિ સાથે બળી ભસ્મ થતી હતી અને જે પતિ સાથે સતી ન થાય તે શાસ્ત્રનીરીતે પુનર્લગ્ન અથવા નિયોગ કરતી હતી; ત્યારે કેશ ઉતારવાની તો વાતજ શી ! અ'મારા અનૂભવ પ્રમાણે કે'વાને કશી હરકત નથી કે, જો વિધવાને પોતાના કેશ તથા અલંકાર ઉતારવાની ખુશી ન હોય તો તેનાં કુટંબીઓ તેના ઉપર મહા જુલમ ગુજારે છે. અને જં-

બર જસ્તીથી તે'ને અસહ્ય દુઃખ યંત્રણામાં નાંખે છે એક બાળવિધવાનું વપન કરાવતાં અમારા જોવામાં આવ્યું હતું,—ચાર પાંચ સ્ત્રીઓ તેના હાથ પગ સાહી રહી હતી. જેમ બકરાંઓને કસાઇઓ જબેહ કરે તેમ. જેનો આર્તનાદ તથા વિલાપ શાંભળી સિંહ સરખા વજ્ર હૃદયનું કાળજું ફાટી જાય. એવો ભયંકર જૂલમી રિવાજ જોઇ અમારાથી એ દેખાવ જોવાઇ શકાયો નહીં. પરન્તુ ધિક્કાર છે કે કોમળ હૃદયની, રૂઢીને વશ થયલી વજ્ર તુલ્ય છાતીવાળી, સ્ત્રીઓ ને કે જેના હૃદયમાં જરાપણ દયાનો અકૂર ઉત્પન્ન ન થાય! અફસોસ! સદ હજાર અફસોસ!! જ્યાં ન્યાય અન્યાયનો વિચાર નથી! ખરાંખોટાંની બૂઝ નથી! ખરી વાત શી છે તે ઉપર લક્ષ નથી! અને કોઈ ખરી વાત બતાવે તો તે માનવી નહીં! ત્યાં કો'નું ચાલે, ને કોનું કહ્યું મનાય!! અરે મનાયતે ક્યાંથી? કહેનારજ તે પ્રમાણે ન વર્તે તો પછી સાંભળનાર તો ક્યાંથી માને?! આજ પર્યંત શેંકડો વક્તાઓનાં અસંખ્ય વ્યાખ્યાનો થયાં, અનેક પુસ્તકો થયાં, મોટી મોટી સભાઓ થઈ, હજારો લોકોએ સમ્મતી આપી તથા કમેટી કે સભાઓની માઇ, પણ કો'ની મગદૂર છે કે, આગળ પડી અબળાની આશિષ લઇ અખંડ કીર્ત્તિ કરે.! ભાઇઓ મુખે મુખેતો ઘ-

ણાઓ કહેવા મળશે, પણ કરશે તો કોઇ વિરલાજ. માટે હવે બહુ થયું, મુખની વાત જવા દો, અને સત્યનું ગ્રહણ કરી અસત્યનો ત્યાગ કરો; જ્યાં સૂધી આપણે આપણું કર્ત્તવ્ય બજાવવામાં ભય પામી ખોટી લોક લજ્યાથી બેસી રહીશું, ત્યાં સૂધી કોઇ પણ કાર્યની સિદ્ધિ થવાની નથી. માટે હે ભારત વાસી સુભટ વીરો! હે ભાતૃવર્ગો! ચેતો અને સત્યનું ગ્રહણ કરો, ખોટી ચાલથી ફરો, અને કરો કંઇ આપણી કોમળ વિધવા પુત્રી બેનોના દુઃખનો વિચાર; કે જેથી અપરદેશોમાં આપણી મશ્કરી થતી અટકે અને સુકીર્ત્તિ પ્રસરી સુજસ વાધે અને સર્વ શક્તિમાન્ ઇશ્વર આપણાપર કૃપા દૃષ્ટિથી નીહાળે જેથી આપણું સર્વ સ્થલે કલ્યાણ થાય. અને જેથી આપણો આ દિવ્ય પવિત્ર આર્ય દેશ બાલ હત્યા અને વ્યભિચારાદિ દોષોથી મુક્ત થઇ પવિત્ર થાય. હે માહાનુભાવો! વિધવાનું દુઃખ અપાર છે, એ આપ જાણોજ છો. એ દુઃખનું બરાબર વિવેચન કરીએ તો એક આખું મહાભારત બને, પણ હવે બાકી વિવેચન આપની મુનસફીપર મુલતવી રાખી શાસ્ત્રમાં "વિધવા વપન" માટે નિષેધના શાં શાં પ્રમાણો છે તે તરફ આપનું ચિત્ત આકર્ષિત કરૂં છું.

ઘણાં શાસ્ત્રોનો મત છે, કે, વિધવા વપન કરવામાં મહા

દોષ છે તેમાંથી થોડાં પ્રમાણ આપ સુજ્ઞોની સાનિધ મૂકી ન્યાય માંગુ છું કે, આપ આ પ્રમાણે લક્ષમાં લઇ વિધવા વપનનો રીવાજ જલદી બંધ કરશો જેથી આપનું અમર નામ શાથે કલ્યાણ થશે એમાં કશો શક નથી. કેટલાક ધર્માચાર્યો નો મત આ પ્રમાણે છે. યથા—

प्रयोजनान्त संसक्ता विधवा वापये च्छिरः।
मुमुक्षु र्यदि सातस्या वपनं तु निषिध्यते॥

ખગેશ્વર સંહિતાયાં.

અર્થ—અત્યંત શિરરોગ આદિ પ્રયોજન હોય તો વિધવાનું મુંડન કરાવે, પરન્તુ મુક્તિની ઇચ્છાવાળી સ્ત્રીએ તો વપન કરાવવું નહીં એ'વો શાસ્ત્રનો સિદ્ધાન્ત છે.

जन्मरोमाणि या नारी क्षौर कर्म समाचरेत्।
कन्या वा विधवा वापि रौरवं नरकं व्रजेत्॥

शंखस्मृतिं.

અર્થ—ગર્ભમાંથીજ ઉત્પન્ન થયલા કેશવાળી વિધવા સ્ત્રી અથવા કન્યા જો ક્ષૌર કર્મ કરાવે તો રૈરવ નામના નરકમાં જાય.

शरणांगति निष्ठाचेत् प्रपन्ना विधवा सति।
क्षौर कर्म नकुर्यात्सा भगवद्द्रो हिणी भवेत् ॥

વશિષ્ઠ સંહિતાયાં.

અર્થ—વિધવાપણાને પામેલી સ્ત્રી જો પરમેશ્વરનાં સરણની ઇચ્છા રાખતી હોય તો તેણે ક્ષૌર કર્મ નહીં કરાવવું; જો કરાવે તો ભગવાનૂને દ્રોહ કરનારી સમજવી.

भर्तृहीना चयानारी मुण्डयित्वा समाचरेत् ।
श्रौत स्मार्त्तानिकर्माणि चाण्डालो योनि माप्नुयात् ॥

લિખિત સ્મૃતૌ.

અર્થ—પતિહીન વિધવાનારી મુંડન કરાવીને શ્રૌત સ્માર્ત કર્મોનું આચરણ કરે તો ચાંડાલ યોનીને પામે.

मुण्डयित्वा चयानारी देवब्राह्मण पूजनं।
प्रेत कर्माणिकुरुते तत्सर्वं निष्कलंभवेत् ॥१॥
नाचरे द्वपनं स्त्रीणा मष्टादश सुकर्मसु ।

कन्यानां विधवनांचे दिरपेदं मनुरब्रवीत् ॥२॥

वृद्धमनु.

અર્થ—જે વિધવા સ્ત્રી મુંડન કરાવી દેવ બ્રાહ્મણનું પૂંજન કરે અને શ્રાદ્ધાદિ કર્મો કરે તે સઘળાં નિષ્ફળ થાય, એ કારણ માટે અષ્ટાદશ (એટલે બ્રહ્મણના છ, ક્ષત્રીના પાંચ, અને વૈશ્યના સાત)કર્મયુક્ત વિધવા સ્ત્રીનું મુંડન નહીંજ કરાવવું એમ વૃદ્ધમનું કહે છે.

मुमुक्षुःपतिनाहिना यानारी केश धारिणी ।

तस्मात्तद्धारणे ब्रह्मन् दोषोनास्ती तिमेमतिः॥१

स्त्रीणांन्तु भर्तृहिनानां वैष्णवीनां वसुंधरे ।

यावच्छरीर पातंवै प्रशस्तं केशधारणं ॥

विजय संहितायां.

અર્થ—પતિ વિનાની, મુક્તિની ઇચ્છા કરનારી સ્ત્રીએ કેશ રાખવા, તેમાં હે બ્રાહ્મણ મા'રી લઘુ બુદ્ધિ પ્રમાણે દોષ નથી. વૈષ્ણવી દીક્ષાવાળી વિધવા સ્ત્રીએતો જ્યાં સુધી શરીર છૂટે ત્યાં સુધિ વિશાળ કેશ રાખવા.

विवधायादिनारिस्यात् धारयेत्केश सन्ततीं ।

परोपदेशमोहेन वपनं नैवकारयेत् ॥

स्कान्द

અર્થ—જો, સ્ત્રી વૈધવ્યપન પામે, તો કેશનો જથો સંતાન રૂપ પ્રાયઃગણી ધારણ કરવો. માટે પારકાના ઉપદેશરૂપી મોહે કરી અર્થાત્ લોક રૂઢીથી ડરી કદાપિ મુંડન ન કરાવવું.

नास्त्रियाः केशवपनं नदुरेशयनासनं.

પારાસર અ. ૯. શ્લોક ૫૭.

અર્થ—વિધવા સ્ત્રીએ કેશ વપન ન કરાવવું. તથા અત્યન્ત શયન તથા આસન ન કરવું.

प्रपन्ना भर्तृ रहित्ता नारी दुरु पदेशतः ।
नधारयातियाकेशाः प्रयाति नरकंदढं ॥१॥
नकार्यं केशवपनं वैष्णव्या भर्तृहीनया ।
यद्यज्ञानात्करोत्येषां तन्मुखं नावलोकयेत् ॥२॥
सकच्छवर्णि नं भिक्षुं अकच्छ गृहिणंतथा ।
विकेशा वैष्णविदृष्ट्वा सवासाजलमा विशेत्॥३॥

અનંત સંહિતાયાં.

પતિ વિનાની વિધવા નારી નઠારા લોકોના ઉપદેશથી વા લોકલાજથી કેશને ધારણ ન કરે તો ૮૯ નર્કને પામે. ૧. એટલા માટે વૈષ્ણવી દીક્ષાવાળી સ્ત્રીએતો કેશ વપન કદાપિ ન કરાવવું, જો અજ્ઞાનથી વિધવા મસ્તક બોડાવેતો તેનુ મુખ ન જોવું. ૨. કાછડી મારેલો સન્યાસી, કાછડી વિનાનો ગૃહસ્થ, અને માથાપર કેશ વિનાની વિધવા એને જોઇને સવસ્રે સ્નાન કરવું.

विद्द्विप्रनृप स्त्रीणां नेष्यते कर्मवापना।

ऋतंमहा पातकिनो गोहन्तु श्चावकीर्णिनः

યાજ્ઞવલ્ક પ્રાયશ્ચિત અધ્યાય.

વિદ્વાન, વિપ્ર, રાજા, તથા વિધવા સ્ત્રીએ મુંડન કાર્ય કરાવવું ઘટીટ નથી, જો કરાવેતો તેને ખરેખર મહા પાતકી કહેવો એટલુજ નહીં, પરન્તુ ગોહત્યારો જાણવો.

नछेद्या नखरोमाणि न स्पर्शो द्यूत मंडलं ॥

ભાગવતે. સ્કંધ. અ. ૧૮. સ્લો૦ ૪૭.

અર્થ—બ્રહ્મચારી તથા વિધવા સ્ત્રીએ નખ અને નીમાળા છેદાવવા નહી જાઇએ. વળી સોગઠાંબાજી અને ચોપટ આદી જુગારને અડવું નહીં, તો, રમવાની શી કથા? કેટલાક

રૂઢીને શાસ્ત્ર માનનારાઓ એવો પ્રશ્ન કરે કે, કેશ વપન કરાવવવાથી સ્ત્રીઓ કુરૂપવાન થાય છે. કારણકે કેશ એ સ્ત્રીનો મુખ્ય શણગાર છે તેથી પોતે પુરૂષને મુખ દેખાડવામાં લાજ માને, જેથી વ્યભિચારાદિ કુ ર્મ ા પામે નહીં. વળી પુરૂષ પણ બદસુરત સ્ત્રીને અવલોકી મોહ પામે નહીં, આવાં કારણથી વપન કરાવવું દેશકાલ જોતાં સારૂં છે. (ઉત્તર) એ શાસ્ત્ર વિરૂદ્ધ મહા જુલમી યુક્તિનું આજતો ફલ જોવામાં આ તું નથી, કારણકે, કઈ વૈધવ્ય ધર્મ પાળતી, મુંડન કરાવેલી સ્ત્રી શાસ્ત્ર પ્રમાણે વિધવા ધર્મ પાળે છે? કઇ પુરૂષનું મુખ જોતી નથી? કઇ સ્ત્રી સુવર્ણ ચાંદી પેહેરતી નથી? તથા ઇ વપન કરાવેલું મુખ લજ્જિત થઇ પર પુરૂષને દેખાડતી નથી. એનો એજ ઉત્તર આવશે કે હજારોમાં વૈધવ્ય ધર્મ ાલી, ઉપલી યુક્તિને અનુસારે ચાલનારી એક મળવી દુર્લભ છે. વિધવા ધર્મ તો જ્ઞાને પળે છે, ન કે મુંડન કરાવવાથી.

ઉપ સંહારમાં એટલુજ કહવાનું કે શાસ્ત્ર આજ્ઞાનું ઉલ્લંગન કરવાથી અન્તે ઇશ્વરનો કોપ થવાનો! અરે ા નજરે પડે છે માટે હે મમ દેશી બંધુઓ આપ વિચાર કરી કોમળ અબળાનાં દુઃખનો અંન્ત આણો, તથાસ્તુ.

બાળવિધવા દુઃખ દર્શક નાટકના અગઉથી ગ્રાહક થઇ આશ્રય આપનાર સાહેબોના મુબારક નામ.

નકલ. નામ—ઠેકાણું.

ધોલેરા બંદર.

૧ શેઠ ત્રીભોવનદાસ ઉજમસી.
૧ ઠક્કર ગોપાળદાસ વિઠલ.

સીલુડી.

રા. લલુભાઇ ત્રીભોવનદાસ મેતાજી મારફત.

૧૭ રા. લલુભાઇ ત્રીભોવનદાસ.
૫ રા. હરજીવનદાસ સુંદરજી મેતાજી.
૧ રા. નાથબા ફતેબા મોનીટર.
૧ રા. ધીરજી લીલાજી, વી. પો. મ્યા.
૧ સલેમાન ઇસાકજી આસીસ્ટંન્ટ.

વીશનગર.

૧ રા. દ્વારકાદાસ ત્રીકમદાસ મુનશી.

મુંબઇ.

૧ રા. જદુરામ દુલ્લભજી ભટ.
૧ રા. પ્રેમજીભાઇ નાનજી ચાવડા.
૧ છોટાલાલ વ્રજદાશ શરાફ.
૫ ચતુરભૂજ કલ્યાણજી.

જુનાગઢ.

૧ રા. કુવેરજી ગગજી ભટ.
૩ રા. બેચર આણંદ કંપાઉન્ડ.

રા. બેચર આણંદ માલી દવાખાનાનો કમ્પાઉન્ડ મારફત.

૧૩ રા. બેચર આણંદ માળી.
૧ રા. હરીભાઇ બાપુભાઇ.
૧ રા. સવજી પેમજી લુવાર.

૨ રા. મોરારજી રાયજી.
૧ રા. નાનજી સીમજી.
૧ રા. જસરાજ કરસનજી.
૧ રા. કરસનદાસ લખમાચંદ.

ધોરાજી.

૨ રા. વકીલ દામોદર દેવચંદ.

કોચીન.

૧ રા. દેવચંદ ચત્રભોજ.

ચીખલી-ખાપરીયા.

૧ રા.. કવી મનસુખરામ ત્રંબકરામ.
૧ દેશાઇ ગોપાળજી રતનજી.

વડોદરા.

૧ રા. મોતીલાલ ગોકલદાસ.
ભટ આત્મારામ જગંનાથ મારફત.
૩ રા. આત્મારામ જગંનાથ.
૧ રા. મોતીરામ ઉત્તમરામ.
૧ રા. કાસીભાઈ અજુભાઈ.
૧ રા. કરૂણાશંકર દાજીભાઇ જોશી.
૧ રા. ભટ પુરૂશોતમ સુરજરામ.
૧ રા. રામકૃષ્ણ કેસવલાલ વૈદ્ય.
૧ રા. હરીકૃષ્ણ દામોદર શાસ્ત્રી.
૧ રા. લજ્યારામ જોતીષશાળાના વિદ્યાર્થી.
૫ આત્મારામ જોઇતારામ પટેલ આસીસ્ટંન્ટ સર્વે અને સેન્ટલમેન્ટ કમીશનર.
૧ રા. કૃષ્ણશંકર દામોદર.
૧ રા. ભવાનીશંકર દામોદર.
રા. રા. ભટમણીસંકરહુરગોવીંદ મારફત.
૧ રા. મણીસંકર હુરગોવીંદ.
૧ પટેલ મોતીભાઈ ભીખાભાઇ.
૧ રા. હરીલાલ સુખરામ સુતરીયા.
૧ રા. ચંદુલાલ માધુભાઇ.

૧ રા. કાસીભાઇ ચતુરભાઇ અમીન.
૧ પટેલ આત્મારામ ગડબડભાઇ.
૧ દેશાઇ મોતીલાલ ગોપાળભાઇ.
૧ રા. જોશી ભોળાનાથ છોટાલાલ.
૧ રા. દેશાઇ ગંગાપ્રશાદ પ્રભુલાલ.
૧ રા. નારણભાઇ દાજીભાઇ સુકલ.
૧ રા. દેશાઇ ભગવતલાલ ગોપાલલાલ.
૧ શેઠ ભાઇલાલ બાબરદાસ.
૨ રા. પટેલ આશાભાઇ ડાયાભાઇ.

સુરત.

૧ મોતિલાલ ગોકલદાશ.
૧ રા. મોહોબતરાય ધીરજરામ.
૧ રા. છગનલાલ માણેકચંદ.
૧ રા. મધનલાલ મોતીરામ.

પલસાણા.

રા. દેશાઇ જીણાભાઇ અમૃતરાવ મારફત.
૨ રા. જીણાભાઇ અમૃતરાવ.

૧ રા. ભુલાભાઇ દયાળજી.
૧ રા. રણછોડજી ખુશાલભાઇ.
૧ રા. વસનજી ગોવંદજી.
૧ રા. ખંડેરાવ દોલતરાય.

ઝાલાવાડ પ્રાંત.

રા. ભાઇસંકર પ્રાગજી વાંકાનેર તાલુકા સ્કુલ આ. માસ્તર મારફત.
૨ રા. ભાઇસંકર પ્રાગજી
૧ રા. માવજી ત્રીકમજી દવે.
૧ રા. શેઠ લક્ષ્મીચંદ ચતુર.
૧ રા. પ્રભાસંકર વલમજી જોશી.
૧ રા. કાલીદાસ સીવશંકર જાની.
૧ રા. ગવરીશંકર દયારામ ત્રવાડી.
૧ રા. ગવરીશંકર પ્રાણજીવન ઓઝા.
૧ રા. ભવાનીશંકર વાળજી વ્યાશ.
૧ રા. ગવરીશંકર મુળજી ત્રવાડી.
૧ રા. ગીરજાશંકર રાઘવજી દેરાસો.

૧ રા. રઘુરામ ખીમજી.
૧ રા. પ્રભાશંકર રતનજી ઉપાધ્યાય હલવદ.

છાપી.

૧ રા. દયાળદાશ જમનાદાશ સ્ટેશન માસ્તર.

અમદાવાદ.

૧ શેઠ રણછોડલાલ ગીરધરલાલ.

કચ્છ પ્રાન્ત.

૧ મહારાજ હરીસંકર ભગવાનજી.
૧ વિદ્યાસગ્રહ પુસ્તકાલયના સેક્રેટરી સાહેબ.
ભટ જીવરામ વાઘજી જબૈ કન્યાશાળાના મેતાજી મારફત.
૧ રા. જીવરામ વાઘજી ભટ.
૧ રા. ભાણજી ભગવાનજી ભટ.
૧ રા. જીવરામ હરીશંકર દવે.
૧ રા. કુવેરજી રણછોડજી વ્યાસ.
૧ રા. મુરારજી જેશંકર પંડયા.
૧ મોરારજી અજરામર દ્વીવેદી.
૨ રા. મોતીલાલ લાલદાશ સોલ્ટ એજન્ટ રજપુતાના રેલવે—રાજઘઢ.

પેટલાદ.

૧ રા. દેશાઇ નટવરલાલ ડાયાભાઇ.
૧ રા. બલવતરાય મોતીલાલ.
૧ રા. દેશાઇ રતીલાલ મટુભાઇ.

નડીઆદ.

૧ રા. હરીલાલ દલપતદાસ પારખ.
૧ રા. ઉમેદરામ ગુણવતરામ પરોત.
૧ રા. છીતુશીંગ રઘનાથશીંગ.

અમલશાડ.

૨ રા. દલપતરામ ગોપાળજી.
૨ રા. દલપતભાઇ તારમાસ્તર.

ખરશાડ.

૫ રા. દેશાઇ લલુભાઈ ગોવદજી.
૫ રા. પંડિત કૃષ્ણરામ ઇચ્છારામ.
૧ રા. બાવા ત્રીકમદાશ.

પાટણ.

૫ રા. દશરથલાલ ગંગારામ.

૧ રા. ગીરધરરાય વૈકુંઠરાય.
૧ માધવચંદ હીરાચંદ.
૧ મગનલાલ કાલીદાશ.

જેતપુર.

૧ મુળશંકર કશનજી જોશી.

સુચના.

હમારા અગાઉથી થએલા ગ્રાહકોમાં જેની પાંસે મુલ્ય બાકીછે, તે સાહેબોએ પુસ્તક પોંચે કે તુરત જાહેર ખબર પ્રમાણે પૈસા મોકલવા તસદી લેવી.

સુજ્ઞેષુ કિમ્ ધિકમ્.

ઉત્તમ સંતતિ શી રીતે ઉત્પન્ન કરી શકાય ?

આ પુસ્તકમાં મનુષ્યનાં સંતાનમાં કેવે પ્રકારે સુરૂપ, બલ, બુદ્ધિ અંગોનું સુશોભિતપણુ ઉત્પન્ન કરી શકાય ? એ વિષયપર અમેરીકામાં થએલા ભાષણનુ ભાષાન્તર કરેલુ છે.

આ ભાષાન્તર યોગ વીદ્યા સાથે સંબંધ ધરાવે છે. અને એવીતો શરળ ઉક્તિથી વીવેચન કરેલું છે કે સર્વથી સમજાય અને બની શકે એમ છે. એ પુસ્તક સર્વ સ્ત્રી પુરૂષોએ જરૂર વાંચવુ એવી અમે ભલામણ કરીએ છઇએ, કિમ્મત અગાઉથી. જ ટપાલ ખરચ સાથે બે આના રાખવામાં આવી છે. પૈસા મોકલ્યા સીવાય પુસ્તક મોકલવામાં આવસે નહીં. જે સાહેબોને મગાવવાની ખુસી હોય તેણે હમારી ઉપર પૈસા મોકલવા મેરબાની કરવી.

બાલ વિધવા દુઃખ દર્શક નાટક.

આ નામની ચોપડી નીચે લખેલે ઠેકાણેથી રોકડી કીમ્મતે મળશે.

સુરતમાં મંચેરજી જમસેદજી પોસ્ટવાળા નાણાવટ અને સર્વે ચોપડીઓવાળાની દુકાને.

ભરૂચમાં બુકસેલર સંકરલાલ કેસવરામને ત્યાંથી રોકડી કીમ્મતે મળશે.

સેહેર માંડવી પ્રાન્ત કચ્છમાં માહારાજ હરીસંકર ભગવાનજીને ત્યાંથી રોકડી કીમ્મતે મળશે.

મુંબઈમાં શેઠ માણજીવનદાશ કાહાનદાસ ઘર નંબર ૧ ગોડીજીની ચાલી સર મંગળદાશની કન્યાશાળામાં ભુલેશ્વરને મોટે રસ્તે રોકડી કિમ્મતે મળશે.

આ પુસ્તક સંબંધી સઘળુ કામકાજ પોસ્ટપેડ પત્રથી લખવું. નોટપેટ પત્ર લેવામાં આવસે નહી. જે સાહેબોને વધારે નકલ ખરીદ કરવી હોય તેણે કમીસન બાબતનો બંદોબસ્ત કરવા હમારી ઊપરજ લખવુ વધારે નકલ લેનારને કીફાયતથી આપીશુ. દેશાવરના ઘરાકોએ ટપાલ ખરચ શાથે રૂ ૦—૪—૬ પૈ મોકલવી. શા. તિ. તા.મં. આ. સ. ઠા. ગા. પુ. સુરત.